dailyhunt સંજોગ ન્યૂઝ

અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue-177 | AD - 2026, Chaitra Vad - 02 | Saturday, Dt. 04-04-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

## ઈરાન હજુ પણ સમાધાન માટે વાટાઘાટોના ટેબલ પર નહીં આવે, તો તેના પર ભયંકર બોમ્બમારો થશે : ટ્રમ્પ

# બ્રિજના વિનાશ બાદ ઈરાન દૂશ્મન દેશોનાં ૮ મુખ્ય પૂલને ટાર્ગેટ કરશે

### ઈરાને વધુ એક અમેરિકન ફાઈટર જેટને તોડી પાડયું

તહેરાન,તા.૦૩

અમેરિકા દ્વારા ઈરાનના સૌથી મોટા પુલના વિનાશ બાદ, હવે ઈરાને બદલાની ભાવના સાથે મધ્ય પૂર્વ ક્ષેત્રના આઠ મુખ્ય પુલોની યાદી (હિટ લિસ્ટ) જાહેર કરી છે. આ પગલાને યુએસ-ઈઝરાયલી હુમલા બાદ 'જેસે થે' (ટિટ-ફોર-ટેટ) નીતિ હેઠળ લેવાયેલા બદલાની નિશાની તરીકે જોવામાં આવે છે. ઈરાનની અર્ધ-સત્તાવાર 'ફાર્સ ન્યૂઝ એજન્સી' એ આ યાદી પ્રકાશિત કરી છે. આ અહેવાલમાં જણાવાયું છે કે ગુરુવારે ઈરાનના સૌથી ઊંચા 'બી૧' (B1) બ્રિજ પર થયેલા ભીષણ હુમલાઓ બાદ, ગલ્ફ દેશો અને જોર્ડનમાં આવેલા ઘણા મોટા પુલ હવે ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC) ના સંભવિત લક્ષ્યો હોઈ શકે છે.



આંતરરાષ્ટ્રીય ન્યૂઝ એજન્સી અનાડોલુના અહેવાલ મુજબ, આ હિટ લિસ્ટમાં કુવૈતનો પ્રખ્યાત 'શેખ જાબેર અલ-અહમદ અલ-સબાહ સી બ્રિજ'; સંયુક્ત આરબ અમીરાત (UAE) ના ત્રણ મહત્વના પુલો- 'શેખ ઝાયેદ બ્રિજ', 'અલ મકતા બ્રિજ' અને 'શેખ ખલીફા બ્રિજ' સામેલ છે. આ ઉપરાંત સાઉદી અરેબિયાને બહેરીન સાથે જોડતો 'ફહદ કોઝવે' તેમજ જોર્ડનના 'કિંગ હુસૈન બ્રિજ', 'દામિયા બ્રિજ'અને 'અબ્દુન બ્રિજ' પણ આ યાદીમાં છે.

નોંધનીય છે કે યુએસ અને ઈઝરાયલના સંયુક્ત હવાઈ હુમલાઓમાં ૧૩૬ મીટર ઊંચા બી૧ પુલને ભારે નુકસાન થયું હતું. આ હુમલામાં ૮ લોકોના મોત થયા હતા અને ૯૫ અન્ય ઘાયલ થયા હતા. આ ઘટના બાદ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે આકરી ચેતવણી આપતા કહ્યું હતું કે, જો ઈરાન હજુ પણ સમાધાન માટે વાટાઘાટોના ટેબલ પર નહીં આવે, તો તેના પર એટલો ભયંકર બોમ્બમારો કરવામાં આવશે કે તે 'પાછું પથ્થર યુગમાં' ધકેલાઈ જશે.

બીજી તરફ, ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ આનો જડબાતોડ જવાબ આપતા કહ્યું કે, નાગરિક માળખા પર કાયરતાપૂર્ણ હુમલો કરવાથી ઈરાનના લોકો ક્યારેય શરણાગતિ સ્વીકારશે નહીં. આ વિવાદ વચ્ચે ઈરાને એવો પણ દાવો કર્યો છે કે તેમણે યુધ્ધના ૩૫મા દિવસે મધ્ય ઈરાનના આકાશમાં વધુ એક અમેરિકન અત્યાધુનિક 'એફ-૩૫' (F-૩૫) ફાઈટર જેટને તોડી પાડ્યું છે. ઈરાનની સેનાના પ્રવક્તાએ જાહેરાત કરી કે તેમની નવી સ્વદેશી એર-ડિફેન્સ સિસ્ટમે આ પાંચમી પેઢીના સ્ટીલ્થ ફાઈટર જેટને તોડી પાડ્યું છે. એફ-૩૫ વિશ્વનું સૌથી મોંઘું અને અદ્રશ્ય ગણાતું વિમાન છે. વિશ્લેષકો માને છે કે જો આ દાવો સાચો સાબિત થાય છે, તો તે આ પ્રાદેશિક યુધ્ધનો આખો નકશો બદલી શકે છે.

# પશ્ચિમ બંગાળના માલદા હિંસા કેસમાં મુખ્ય આરોપી સહિત ૩૫ લોકોની કરાઈ ધરપકડ

પશ્ચિમ બંગાળ,તા.૦૩

પશ્ચિમ બંગાળના માલદામાં બનેલી હિંસાની ઘટનામાં રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA) અને સ્થાનિક પોલીસે મોટી કાર્યવાહી હાથ ધરી છે. આ કેસમાં કથિત મુખ્ય કાવતરાખોર વકીલ મોફકરુલ ઈસ્લામ સહિત કુલ ૩૫ લોકોની ધરપકડ કરવામાં આવી છે. માલદાના કાલિયાચક ખાતે વિરોધ પ્રદર્શન દરમિયાન સાત ન્યાયિક અધિકારીઓને આશરે આઠ કલાક સુધી બંધક બનાવવામાં આવ્યા હતા. આ ગંભીર ઘટનાની સુપ્રીમ કોર્ટે આકરી ટીકા કરી હતી અને રાજ્યમાં કાયદો-વ્યવસ્થાની સ્થિતિ પર સવાલો ઉઠાવ્યા હતા. સુપ્રીમ કોર્ટની ટિપ્પણી બાદ મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે આ મામલાની તપાસ NIAને સોંપી હતી. મુખ્ય આરોપી મોફકરુલ ઈસ્લામની ધરપકડ બાગડોગરા એરપોર્ટ પરથી કરવામાં આવી હતી. તેણે પોતાના બચાવમાં જણાવ્યું કે તે માત્ર મુસ્લિમ વ્યક્તિઓના વિરોધ પ્રદર્શનને સમર્થન આપવા ગયો હતો અને તેનો હેતુ કોઈ હિંસા કરવાનો નહોતો. બીજી તરફ, ધરપકડ કરાયેલા લોકોમાં ISFના ઉમેદવાર શાહજહાં અલી પણ સામેલ છે. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ આ સમગ્ર ઘટનાને બંગાળને બદનામ કરવાનું પૂર્વયોજિત કાવતરું ગણાવ્યું છે. હાલ સુરક્ષા માટે ન્યાયિક અધિકારીઓને CAPFની સુરક્ષા પૂરી પાડવામાં આવી છે.




# પીએમ મોદીએ ગુડ ફ્રાઈડે પર રાષ્ટ્રને સંદેશ આપી કરૂણા અને ભાઈચારાની હાકલ કરી

### લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાએ માનવતાના કલ્યાણ માટે ઈસુ ખ્રિસ્તના સર્વોચ્ચ ત્યાગને યાદ કર્યો

નવી દિલ્હી,તા.૦૩



વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુડ ફ્રાઈડે નિમિત્તે રાષ્ટ્રને આપેલા સંદેશમાં જણાવ્યું હતું કે, આ પવિત્ર દિવસ આપણને પ્રભુ ઈસુ ખ્રિસ્તના પરમ બલિદાનની યાદ અપાવે છે. ઈસુના વિચારો આપણને તેમના આદર્શ મૂલ્યોનું પાલન કરવાની પ્રેરણા આપે છે. આ પ્રસંગે તેમણે દેશવાસીઓને સંવાદિતા, કરુણા, દયા અને ક્ષમા જેવા ગુણોને હૃદયપૂર્વક સ્વીકારવાની અપીલ કરી હતી, જેથી સમાજમાં ભાઈચારો અને આશાનો માર્ગ વધુ મજબૂત બને.

આ ઉપરાંત, ઉપરાષ્ટ્રપતિ સી. પી. રાધાકૃષ્ણને પણ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' (X) પર પોતાનો સંદેશ શેર કર્યો હતો. તેમણે જણાવ્યું કે ઈસુ ખ્રિસ્તનું જીવન આપણને નમ્રતા, નિઃસ્વાર્થતા અને સત્યના માર્ગ પર ચાલવાનો સંદેશ આપે છે. તેમણે આશા વ્યક્ત કરી હતી કે આ પવિત્ર દિવસ સમાજમાં દયા અને પરસ્પર સંવાદિતાને પ્રોત્સાહન આપવામાં મદદરૂપ સાબિત થશે.


લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાએ માનવતાના કલ્યાણ માટે ઈસુ ખ્રિસ્તના સર્વોચ્ચ ત્યાગને યાદ કર્યો હતો. તેમણે દેશવાસીઓને પોતાની શ્રધ્ધા મજબૂત કરવા અને પરસ્પર પ્રેમ ફેલાવવા પ્રેરિત કર્યા. બીજી તરફ, દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નરે પણ આ પર્વ નિમિત્તે રાષ્ટ્રજોગ સંબોધન કરી લોકોને ઈસુ ખ્રિસ્તના ઉપદેશોમાંથી પ્રેરણા લેવા અને સમાજ કલ્યાણ માટે કામ કરવા જણાવ્યું હતું.

## 'આઈએનએસ તારાગિરી' અને 'આઈએનએસ અરિધમન'ને ભારતીય નૌકાદળમાં સામેલ કર્યા

# આપણી નૌકાદળની હિંદ મહાસાગરમાં સતત હાજરી : રાજનાથ સિંહ

નવી દિલ્હી,તા.૦૩

ભારતની દરિયાઈ સુરક્ષાને અભેદ્ય બનાવવા તરફ શુક્રવારે એક નવો અધ્યાય ઉમેરાયો છે. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે વિશાખાપટ્ટનમના નેવલ ડોકયાર્ડ ખાતે સ્વદેશી અત્યાધુનિક સ્ટીલ્થ ફ્રિગેટ્સ 'આઈએનએસ તારાગિરી' અને 'આઈએનએસ અરિધમન' ને ભારતીય નૌકાદળમાં કમિશન કર્યા છે. આ ગૌરવશાળી સમારોહમાં સીડીએસ જનરલ અનિલ ચૌહાણ અને નૌકાદળના વડા એડમિરલ દિનેશ કુમાર ત્રિપાઠી પણ હાજર રહ્યા હતા. આ પ્રસંગે સંબોધન



કરતા સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે જણાવ્યું હતું કે, 'આપણી નૌકાદળ હિંદ મહાસાગરમાં સતત હાજરી જાળવી રાખે છે, પછી ભલે તે પર્શિયન ગલ્ફ હોય કે મલાક્કાની સામુદ્રધુની. જ્યારે પણ કોઈ કટોકટી ઊભી થાય છે, ત્યારે આપણી નૌકાદળ હંમેશા બચાવ કામગીરી અને સહાય પૂરી પાડવામાં મોખરે હોય છે.'

તેમણે ઉમેર્યું કે આઈએનએસ તારાગિરીના કમિશનિંગથી ભારતની સૈન્ય તાકાતમાં જબરદસ્ત વધારો થયો છે. આ જહાજ બ્રહ્મોસ અને અન્ય સુપરસોનિક મિસાઈલોથી સજ્જ છે. ઈતિહાસ સાક્ષી છે કે કોઈ પણ દેશ પોતાની નૌકાદળ શક્તિને મજબૂત કર્યા વિના ક્યારેય શક્તિશાળી બની શકતો નથી. વિશાખાપટ્ટનમ શહેર પોતે જ ભારતની દરિયાઈ શક્તિનું સાક્ષી રહ્યું છે. સંરક્ષણ મંત્રીએ સ્પષ્ટ કર્યું કે આપણે ફક્ત આપણા દરિયાકાંઠાનું રક્ષણ કરવા પૂરતા સીમિત ન રહેવું જોઈએ, પરંતુ રાષ્ટ્રીય હિતો સાથે જોડાયેલા મહત્વપૂર્ણ દરિયાઈ માર્ગો, ચોક પોઈન્ટ્સ અને ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સુરક્ષા પણ સુનિશ્ચિત કરવી જોઈએ. તણાવની પરિસ્થિતિઓમાં ભારતીય નૌકાદળે આપણા વાણિજ્યિક જહાજો અને તેલ ટેન્કરોની સુરક્ષા સુનિશ્ચિત કરી છે. જ્યારે વડાપ્રધાન વર્ષ ૨૦૪૭ સુધીમાં 'વિકસિત ભારત' બનાવવાની વાત કરે છે, ત્યારે નૌકાદળની ભૂમિકા તે વિઝનમાં અત્યંત મહત્વપૂર્ણ બની જાય છે. ૧૧,૦૦૦ કિલોમીટરથી વધુનો દરિયાકિનારો ધરાવતો આપણો દેશ સમુદ્ર વિના તેના વિકાસની કલ્પના પણ કરી શકતો નથી.

ભારતનો લગભગ ૯૫ ટકા વેપાર દરિયાઈ માર્ગો દ્વારા જ થાય છે અને આપણી ઉર્જા સુરક્ષા પણ સમુદ્ર પર જ નિર્ભર છે. તેથી એ સ્પષ્ટ છે કે મજબૂત અને સક્ષમ નૌકાદળ માત્ર એક વિકલ્પ નથી, પરંતુ રાષ્ટ્રની અનિવાર્ય આવશ્યકતા છે.

# પછાત જિલ્લાઓમાં મોટા ઔદ્યોગિક કેન્દ્રો ખોલવા મુખ્યમંત્રી યોગીનો નિર્ણય

### ઔદ્યોગિક વિકાસથી રોજગારીની નવી તકો ખુલશે

લખનૌ,તા.૦૩




ઉત્તર પ્રદેશના નાના અને પછાત જિલ્લાઓમાં સંતુલિત ઔદ્યોગિક વિકાસ માટે નવી વ્યૂહરચના તૈયાર કરવામાં આવી છે. 'યુપી સ્ટેટ ઈન્ડસ્ટ્રિયલ ડેવલપમેન્ટ ઓથોરિટી' (UPSIDA) એ બલિયા, હાથરસ, ફતેહપુર, બારાબંકી અને ચિત્રકૂટ જેવા જિલ્લાઓમાં મોટા ઔદ્યોગિક કેન્દ્રો વિકસાવવાની યોજના પર કામ શરૂ કરી દીધું છે. આ યોજના હેઠળ બંધ પડેલી સ્પિનિંગ મિલોની જમીનનો પુનઃઉપયોગ કરવામાં આવશે અને નાના જિલ્લાઓમાં મિની ઔદ્યોગિક વસાહતો તથા ફ્લેટેડ ફેક્ટરીઓ સ્થાપવામાં આવશે. અધિક મુખ્ય સચિવ આલોક કુમારે જણાવ્યું કે પ્રોજેક્ટને ઝડપી બનાવવા માટે કેટલીક શરતો હળવી કરાઈ છે. આ નિર્ણયથી પૂર્વાંચલ અને બુંદેલખંડ જેવા પછાત વિસ્તારોમાં રોજગારીની નવી તકો ઊભી થશે અને મોટા શહેરો પરનું ભારણ ઘટશે.





# વૈવાહિક જીવનમાં થતા મતભેદને આત્મહત્યા માટે ઉશ્કેરણી ગણી શકાય નહીં : બોમ્બે હાઈકોર્ટ

મુંબઈ,તા.૦૩

બોમ્બે હાઈકોર્ટની નાગપુર બેન્ચે સ્પષ્ટ કર્યું છે કે વૈવાહિક જીવનમાં સામાન્ય વિવાદ કે તણાવને આત્મહત્યા માટેની ઉશ્કેરણી ગણી શકાય નહીં. કલમ ૩૦૬ હેઠળ ગુનો સાબિત કરવા માટે આરોપીનો સીધો ઈરાદો કે નક્કર કાર્યવાહી હોવી જરૂરી છે.



કોર્ટે એક કેસમાં પતિ અને સાસરિયાં સામેની FIR રદ કરતાં નોંધ્યું કે દરેક વ્યક્તિની મુશ્કેલીઓનો સામનો કરવાની ક્ષમતા અલગ હોય છે. વૈવાહિક જીવનના સામાન્ય ઉતાર-ચઢાવ ક્રૂરતા નથી. આત્મહત્યા માટે સક્રિય પ્રોત્સાહન કે કાવતરાના પુરાવા વિના માત્ર ઝઘડાના આધારે કોઈને દોષી ઠેરવી શકાય નહીં.



**શહેરની વાસ્તવિક સ્થિતિ છુપાવવાનો આક્ષેપ, કોંગ્રેસ દ્વારા ઉગ્ર રજૂઆત**

# મુખ્યમંત્રીના આગમન પહેલાં અમરેલીમાં પડદા ગોઠવવા મુદ્દે વિવાદ

**જવાબદાર અધિકારીઓ સામે કાર્યવાહી કરવા સંદિપ ધાનાણીની માંગ**



અમરેલી,તા.૦૩

અમરેલી નગરપાલિકા દ્વારા મુખ્યમંત્રીના આગમન પહેલાં શહેરની ગંદકી અને અવ્યવસ્થા છુપાવવા રસ્તાઓ પર પડદા ગોઠવવાની કાર્યવાહી સામે વિવાદ ઊભો થયો છે. અમરેલી શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ સંદીપ ધાનાણીએ આ મુદ્દે ચીફ ઓફિસરને લેખિત રજૂઆત કરી છે.રજૂઆતમાં જણાવાયું છે કે શહેરમાં વર્ષોથી ગંદકી, કચરાના ઢગલા, તૂટેલા રસ્તા અને ખુલ્લી ગટર જેવી સમસ્યાઓ યથાવત છે. છતાં, કાયમી ઉકેલ લાવવાના બદલે માત્ર મુખ્યમંત્રીને હકીકત ન દેખાય તે માટે પડદા ગોઠવવામાં આવી રહ્યા છે, જે જનતાને ભ્રમિત કરવાનો પ્રયાસ ગણાયો છે.કોંગ્રેસે માંગ કરી છે કે મુખ્યમંત્રીને શહેરની સાચી સ્થિતિથી માહિતગાર કરવામાં આવે અને સમસ્યાઓનો તાત્કાલિક કાયમી ઉકેલ લાવવામાં આવે. સાથે જ જવાબદાર અધિકારીઓ સામે કાર્યવાહી કરવાની પણ માંગ ઉઠાવવામાં આવી છે.રજૂઆતમાં ચેતવણી આપવામાં આવી છે કે જો આવી કાર્યવાહી ભવિષ્યમાં થશે તો નાગરિકો અને વિપક્ષ દ્વારા ઉગ્ર વિરોધ કરવામાં આવશે.

# હનુમાન જયંતિના અવસરે ખાંભા પોલીસ દ્વારા છાશનું વિતરણ



અમરેલી,તા.૦૩

ખાંભા પોલીસે હનુમાન જયંતિના પવિત્ર અવસરે હનુમાન ગાળા ખાતે દર્શનાર્થીઓ માટે છાશ વિતરણ કેન્દ્ર શરૂ કર્યું હતું. આકરા ઉનાળાના ગરમીના માહોલ વચ્ચે મોટી સંખ્યામાં ઉમટી પડેલા ભક્તો અને રાહદારીઓને રાહત આપવાના ઉમદા હેતુથી આ સુંદર વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. પોલીસ કર્મચારીઓએ પોતે જ હાજર રહીને સૌને ઠંડી છાશનું વિતરણ કર્યું હતું અને આ સેવાનો અસંખ્ય ભક્તોએ ઉત્સાહભેર લાભ લીધો હતો. સ્થાનિક લોકો તેમજ આગેવાનો દ્વારા પોલીસના આ સંવેદનશીલ પ્રયાસને ખૂબ બિરદાવવામાં આવ્યો હતો.

# અમરેલીમાં લેઉવા પટેલ ટ્રસ્ટ- સ્કુલ-કોલેજ-હોસ્ટેલ ખાતે સત્યનારાયણની કથા યોજાઇ






અમરેલી,તા.૦૩

અમરેલીમાં શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કુલ-કોલેજ-હોસ્ટેલ ખાતે તા. ૦૨/૦૪/૨૦૨૬ના રોજ શ્રી સત્યનારાયણ ભગવાનની કથાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ ધાર્મિક કાર્યક્રમમાં તમામ હોસ્ટેલની વિદ્યાર્થિનીઓ ઉપરાંત, મહેમાનો તથા ટ્રસ્ટના આગેવાનો પણ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. કથા પૂર્ણ થયા બાદ મહાપ્રસાદનું પણ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

# અમરેલી લાઠી રોડથી સંકુલ ચોકડી સુધી બાયપાસ પર અંધારપટ



અમરેલી,તા.૦૩

અમરેલી નગરપાલિકાની ચૂંટણી જાહેર થઈ ચૂકી છે અને નવા દાવેદારો મેદાનમાં ઉતરવાની તૈયારીઓ કરી રહ્યા છે, ત્યારે શહેરની અત્યંત ગંભીર અને પ્રાથમિક સમસ્યા તરફ શાસકોનું ઘોર દુર્લક્ષ ફરી એકવાર ખુલ્લું પડ્યું છે. લાઠી રોડ ચોકડીથી સંકુલ ચોકડી સુધીના બાયપાસ રોડ પર હજુ પણ ગાઢ અંધારપટ છવાયેલો છે. નગરપાલિકાની આખી ટર્મ પૂર્ણ થઈ ગઈ હોવા છતાં, ચૂંટાયેલા પ્રતિનિધિઓ આ માર્ગ પર પ્રકાશ પાથરવામાં સદંતર નિષ્ફળ સાબિત થયા છે. લાઠી રોડ ચોકડીથી સંકુલ ચોકડી સુધીના બાયપાસ માર્ગ પર હજુ સુધી સ્ટ્રીટ લાઈટોની સુવિધા ઉપલબ્ધ નથી, જેના કારણે રાત્રિના સમયે ગાઢ અંધારપટ જોવા મળે છે. આ માર્ગ વ્યસ્ત હાઈવે હોવા છતાં આખી ટર્મ દરમિયાન આ સમસ્યાનું નિરાકરણ ન આવતા નાગરિકોમાં ભારે અસંતોષ ફેલાયો છે.રાત્રિના સમયે હજારો વાહનચાલકો જીવના જોખમે અહીંથી પસાર થાય છે. પ્રકાશના અભાવે અકસ્માતો અને અસામાજિક પ્રવૃત્તિઓનો ભય સતત રહે છે. વિકાસના દાવા કરતી નગરપાલિકા માટે આ સ્થિતિ શરમજનક ગણાઈ રહી છે. હવે ચૂંટણી નજીક આવતાં લોકોમાં પ્રશ્ન ઉઠી રહ્યો છે કે નવા દાવેદારો આ સમસ્યાનો ઉકેલ લાવશે કે નહીં. જો તાત્કાલિક પગલાં નહીં લેવાય, તો આવનારી ચૂંટણીમાં મતદારો પોતાના મત દ્વારા રોષ વ્યક્ત કરે તેવી શક્યતા છે.

# વડિયામાં સીટી સર્વે કચેરીના કર્મચારીની લાલિયાવાડી સામે બાર એસોસિએશન મેદાને




વડિયા,તા.૦૩

અમરેલી જિલ્લાના છેવાડાના તાલુકા મથક એવા વડિયામાં સરકારી કચેરીઓની અનિયમિતતાને લઈને સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. વડિયામાં મોટાભાગની કચેરીઓ હાલ ચાર્જમાં ચાલે છે, જેમાં સીટી સર્વે ઓફિસ માત્ર અઠવાડિયામાં એક જ દિવસ એટલે કે દર મંગળવારે ખુલે છે. જોકે, આ કચેરીના કર્મચારીની લાલિયાવાડી અને અનિયમિતતાને કારણે લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. પ્રાપ્ત વિગતો મુજબ, જો નિયત કર્મચારી મંગળવારે રજા પર હોય કે અન્ય કામગીરીમાં રોકાયેલા હોય, તો આ ઓફિસનું તાળું સીધું ૧૫ દિવસે ખુલે છે. કર્મચારી હાજર રહેશે કે નહીં તેનો ખ્યાલ લોકોને મંગળવારે બપોરે જ આવતો હોવાથી અરજદારોને ધરમના ધક્કા ખાવા મજબૂર બનવું પડે છે.

આ પરિસ્થિતિને કારણે સામાન્ય જનતાની સાથે વડિયા બાર એસોસિએશનના વકીલોને પણ વહીવટી કામગીરીમાં વારંવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. વારંવારના ધક્કા અને કામમાં થતા વિલંબને પગલે બાર એસોસિએશન દ્વારા જિલ્લા કલેક્ટર અને જિલ્લા સીટી સર્વે સુપ્રીટેન્ડન્ટને લેખિતમાં કડક રજૂઆત કરવામાં આવી છે. વકીલોએ અનિયમિત રહેતા કર્મચારી સામે તપાસ કરી કડક પગલાં લેવાની અને કચેરી નિયમિત સમયે ખુલે તેવી કાયમી વ્યવસ્થા કરવાની માંગણી કરી છે. વડિયા સીટી સર્વે ઓફિસની આ લાલિયાવાડી સામે ઉચ્ચ કક્ષાએ રજૂઆત થયા બાદ હવે તંત્ર દ્વારા શું કાર્યવાહી કરવામાં આવે છે અને કચેરી ક્યારથી નિયમિત બને છે, તેના પર સૌની નજર ટકેલી છે. તંત્રના ઉદાસીન વલણને કારણે અરજદારોમાં લાંબા સમયથી અસંતોષ વ્યાપેલો છે.

# અમરેલીમાં કોંગ્રેસ દ્વારા ચૂંટણી તૈયારી: દાવેદારી ફોર્મ વિતરણ અને સેન્સ પ્રક્રિયા જાહેર

**ઇચ્છુક ઉમેદવારોને નિર્ધારિત સમયે હાજર રહેવા અપીલ**

અમરેલી,તા.૦૩

અમરેલી નગરપાલિકાની આવનારી ચૂંટણીને અનુલક્ષીને શહેર કોંગ્રેસ સમિતિએ દાવેદારી પ્રક્રિયા જાહેર કરી છે. જાહેરનામા મુજબ ૦૪/૦૪/૨૦૨૬ના રોજ સવારે ૧૦થી બપોરે ૧ વાગ્યા સુધી જુના માર્કેટિંગ યાર્ડ સ્થિત જિલ્લા કોંગ્રેસ કાર્યાલય ખાતે દાવેદારી ફોર્મનું વિતરણ કરવામાં આવશે. તદ્દુપરાંત, ૦૫/૦૪/૨૦૨૬ના રોજ એ જ સમયગાળામાં સેન્સ પ્રક્રિયા યોજાશે. જેમાં તમામ ઈચ્છુક ઉમેદવારોએ ફરજિયાત હાજર રહેવાનું રહેશે. આ પ્રક્રિયા પ્રભારીની હાજરીમાં યોજાશે. પૂર્વ ધારાસભ્ય કનુભાઈ બારૈયા અને અમિતભાઈ લવતુકાની ઉપસ્થિતિમાં દાવેદારોની ચર્ચા અને મૂલ્યાંકન કરવામાં આવશે. શહેર કોંગ્રેસ સમિતિએ તમામ ઈચ્છુક ઉમેદવારોને સમયસર હાજર રહી જરૂરી દસ્તાવેજો સાથે પ્રક્રિયા પૂર્ણ કરવાની વિનંતી કરી છે.

# સાવરકુંડલા ગુરુકુલ ખાતે ૩૪૬મો નિઃશુલ્ક નેત્રમણિ અને દંત યજ્ઞ સંપન્ન: ૯૦ દર્દીઓએ સેવાનો લાભ લીધો



સાવરકુંડલા,તા.૦૩

સ્વામિનારાયણ ગુરુકુલ સાવરકુંડલા ખાતે દર માસના પ્રથમ શુક્રવારે યોજાતી સેવાકીય પરંપરા અંતર્ગત સ્વામી જ્ઞાનપ્રસાદદાસજીની પાવન સ્મૃતિમાં ૩૪૬મો વિનામૂલ્યે નેત્ર નિદાન અને દંત ચિકિત્સા કેમ્પ યોજાયો હતો. આ કેમ્પનું દીપ પ્રાગટ્ય મુંબઈના દાતા ધીરજલાલ કાનજીભાઈ ઘેલાણી પરિવારના સૌજન્યથી કનુભાઈ ગેડીયા, કોઠારી અક્ષરમુક્તદાસજી સ્વામી તેમજ વિરનગર અને રાજકોટના તબીબોના હસ્તે કરવામાં આવ્યું હતું. આ કેમ્પના મુખ્ય યજમાન પદે મુંબઈ સ્થિત ચંદ્રિકાબેન કામદાર રહ્યા હતા. નેત્ર નિદાન કેમ્પમાં કુલ ૫૪ નેત્રરોગીઓની તપાસ કરી જેમાંથી ૧૭ દર્દીઓને મોતિયાના ઓપરેશન માટે વિરનગર હોસ્પિટલ ખાતે વિનામૂલ્યે મોકલવામાં આવ્યા હતા. અન્ય દર્દીઓને નિઃશુલ્ક ચશ્મા અને દવાઓનું વિતરણ કરાયું હતું. સાથોસાથ દંત યજ્ઞમાં ૩૬ દર્દીઓના દાંત અને પેઢાનું નિદાન કરવામાં આવ્યું હતું.

# ધારી તાલુકાના ભાડેર ગામે વિદ્યાભારતી સંકુલનો રંગારંગ વાર્ષિકોત્સવ ઉજવ્યો



ધારી,તા.૦૩

ભાડેર સ્થિત શ્રી વિદ્યાભારતી શૈક્ષણિક સંકુલમાં ભવ્ય વાર્ષિકોત્સવ યોજાયો હતો.

કાર્યક્રમમાં વાલીમિલન, શ્રેષ્ઠ વિદ્યાર્થી સન્માન, શાળાનો વાર્ષિક અહેવાલ તેમજ વિવિધ કેટેગરીમાં વિદ્યાર્થીઓને પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. મોટી સંખ્યામાં વાલીઓ, ગ્રામજનો અને મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમમાં ધારી તાલુકા ભાજપ પ્રમુખ મૃગેશભાઈ કોટડીયા સહિત અનેક અગ્રણીઓ હાજર રહ્યા હતા. મહેમાનોનું સ્વાગત ભાવેશભાઈ દેવમુરારીએ કર્યું હતું, જ્યારે શાળાનો અહેવાલ આચાર્ય રાજલબેન દેવમુરારીએ રજૂ કર્યો હતો. સમગ્ર કાર્યક્રમ આનંદ અને ઉત્સાહભેર પૂર્ણ થયો હતો.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારુતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)

વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીંગ, વોશિંગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




|| શ્રી ગણેશાય નમઃ ||
|| શ્રી ૧૧ ||
|| શ્રી બાલમુકુંદજી પ્રભુ વિજયતે ||
અમરેલીના આંગણે વિશ્વાસ અને સુંદરતાનું નવું સરનામું...

YJ
યમુના જવેલર્સ
(અમરાપુર વાળા)
અમે અત્યંત આનંદ સાથે જણાવીએ છીએ કે,
આપના અતૂટ વિશ્વાસ અને સાથ-સહકારને કારણે
યમુના જવેલર્સ હવે એક ભવ્ય અને
નવા સોપાન સાથે આપની સેવામાં સજ્જ છે.
- શુદ્ધતાની ખાતરી : 100% હોલમાર્કવાળા દાગીના
- નવીનતમ ડિઝાઈન : એન્ટિક, રાજવાડી અને મોર્ડન જવેલરીનો વિશાળ ખજાનો
- પારદર્શક વ્યવહાર : વ્યાજબી મજૂરી અને વિશ્વાસપાત્ર સર્વિસ
અમારા નવા આધુનિક શો-રૂમની મુલાકાત લો અને આપની સુંદરતામાં ચાર ચાંદ લગાવો.
સ્થળ : દુ.નં. - ૩, પટેલ વાડી શોપિંગ સેન્ટર, હીરામોતી ચોક, લીલીયા રોડ, અમરેલી.
શ્રી હીરેનભાઈ ચંદુભાઈ સોની
મો. ૯૪૨૯૨ ૨૦૮૪૭/૮૧૪૧૨ ૦૭૭૩૬

# સાવરકુંડલાના 'વોરા કબ્રસ્તાન'ની જમીન મુદ્દે ૨૫ દિવસમાં માહિતી આપવા આયોગનો આદેશ

**પ્રથમ અપીલમાં અધિકારી દ્વારા સંતોષકારક પ્રતિસાદ મળ્યો નહોતો**

સાવરકુંડલા,તા.૦૩

સાવરકુંડલામાં જાહેર હિત અને સરકારી કામગીરીમાં પારદર્શિતા લાવવા માટે ગુજરાત માહિતી આયોગે એક સીમાચિહ્નરૂપ ચુકાદો આપ્યો છે. તાલુકાના રેવન્યુ સર્વે નંબર ૩૯૩ પૈકી ૧ ની જમીન, જે 'વોરા જમાત કબ્રસ્તાન' માટે ફાળવી હતી, તે અંગેની વિગતો છુપાવવી હવે તંત્ર માટે મુશ્કેલ બનશે.

અરજદાર આરિફભાઈ ઈસાકભાઈ ઝાખરાએ RTI હેઠળ આ જમીન ફાળવણીના હુકમો અને દસ્તાવેજોની માંગણી કરી હતી. જોકે, સ્થાનિક જાહેર માહિતી અધિકારી અને પ્રથમ અપીલ અધિકારી દ્વારા સંતોષકારક પ્રતિસાદ ન મળતા મામલો ગાંધીનગર આયોગ સુધી પહોંચ્યો હતો. આ અપીલ નંબર અ-૦૮૯૬-૨૦૨૫ની સુનાવણી દરમિયાન અરજદારના વકીલ દીપેશ સી. જોશીએ ધારદાર દલીલો કરતા જણાવ્યું હતું કે, જમીન ફાળવણીના દસ્તાવેજો જાહેર હિતનો વિષય છે અને તે છુપાવી શકાય નહીં. બીજી તરફ, મામલતદાર કચેરીના પ્રતિનિધિએ રેકોર્ડની ચકાસણી કરી માહિતી આપવાની તૈયારી દર્શાવી હતી. આયોગે આ બાબતને ગંભીરતાથી લઈ આદેશો કર્યા છે કે, આગામી ૨૫ દિવસમાં અરજદારને તમામ માહિતી સંપૂર્ણપણે 'વિનામૂલ્યે' પૂરી પાડવી. માહિતી સ્પીડ પોસ્ટ દ્વારા મોકલવાની રહેશે જેથી તેની ચોક્કસ નોંધ રહે.

# જાફરાબાદ ખાતે ૫૦૦ પ્રાકૃતિક બોટ દરિયાદેવને અર્પણ કરાઈ

જાફરાબાદ,તા.૦૩


તસવીર : બાબુ વાઢેળ

જાફરાબાદ ખાતે વર્ષોથી ચાલી આવતી પરંપરા મુજબ આજે ચૈત્ર માસના પાવન દિવસોમાં દરિયાદેવનું વિશેષ પૂજન કરવામાં આવ્યું હતું. સ્થાનિક બહેનો દ્વારા પરિવારના સભ્યોના રક્ષણ અને જીવનની રોજીરોટી માટે હૃદયપૂર્વક પ્રાર્થના કરવામાં આવી હતી. આ પવિત્ર પ્રસંગે આશરે ૪૦૦ થી ૫૦૦ જેટલી નાની નાની પ્રતિકૃતિ સમાન બોટો દરિયામાં અર્પણ કરવામાં આવી હતી. આ નાની બોટો મોટી બોટના માલિકો દ્વારા પંદરથી વીસ દિવસ પહેલાં જ ખૂબ જ કલાત્મક રીતે તૈયાર કરવામાં આવે છે. આ નાની બોટોની વિશેષતાઓ અદ્ભુત છે, કારણ કે તેમાં મોટી બોટ જેવી જ આબેહૂબ રચના, સમાન રંગ અને આકર્ષક ડિઝાઈન જોવા મળે છે. આ નાની બોટોમાં કેબિન, વીજળી, ગેસના બાટલા, વાયરલેસ સેટ, કોલ્ડરૂમ અને લાઈટિંગની સુવિધા પણ ઊભી કરાય છે. આ ઉપરાંત બોટના નામ, નંબર, ધજા અને ફિશિંગ નેટ સહિતની સંપૂર્ણ સજ્જતા પણ રાખવામાં આવે છે. દરેક બોટમાં ફૂલહાર, અગરબત્તી, નારિયેળ, નિવેદ અને પ્રસાદ ધરાવીને દરિયાદેવને અર્પણ કરવામાં આવે છે. આવી એક બોટની અંદાજિત કિંમત રૂ.૧૫૦૦ થી રૂ.૨૦૦૦ જેટલી થાય છે. આ સુંદર પરંપરા માત્ર શ્રધ્ધા જ નહીં, પરંતુ દરિયાકાંઠાના જીવન સાથે જોડાયેલો એક અનોખો અને ભવ્ય સાંસ્કૃતિક વારસો પણ છે.

# સાવરકુંડલામાં વિદ્યાર્થીઓ માટે નિ:શુલ્ક શૈક્ષણિક પ્રવાસ

સાવરકુંડલા,તા.૦૩



સાવરકુંડલા સરકારી શાળા નંબર ૭ ના ધોરણ ૭-૮ના આશરે ૧૦૦ વિદ્યાર્થીઓને નિ:શુલ્ક શૈક્ષણિક પ્રવાસે લઈ જવાયા. નિવૃત્ત ફૌજી અતુલભાઈ જાનીના સહયોગથી યોજાયેલ આ પ્રવાસમાં વિદ્યાર્થીઓએ લાઠી તાલુકાના દુધાળા ગામે હેતની હવેલી ખાતે જળ સંરક્ષણ અને હરિયાળા પર્યાવરણનો અનુભવ કર્યો.સરોવરો અને વિદેશી પક્ષીઓ બાળકો માટે આકર્ષણ બન્યા. સાથે અંટાળીયા મહાદેવના દર્શન, રમતો અને ભોજનની વ્યવસ્થા પણ કરવામાં આવી. આ પહેલ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે પ્રેરણાદાયી બની છે.

# લીલીયા મોટા ખાતે સંત શ્રી વેલનાથ બાપુની તિથિની ભવ્ય ઉજવણી

લીલીયા,તા.૦૩



લીલીયા મોટા ખાતે સંત શ્રી વેલનાથબાપુની તિથિ ભક્તિમય માહોલમાં ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. શહેરના જૂના કોળીવાડા વિસ્તારથી શોભાયાત્રા પ્રસ્થાન થયેલ જે સમગ્ર શહેરમાં ડી.જે ના તાલે કાઢવામાં આવી હતી. શોભાયાત્રા શહેરના મુખ્ય માર્ગો પર ફરી હતી, જેમાં મોટી સંખ્યામાં શ્રધ્ધાળુઓ જોડાયા હતા અને જય વેલનાથના નાદ સાથે સમગ્ર શહેર ગુંજી ઉઠ્યું હતું. શોભાયાત્રાનું સમાપન વેલનાથ બાપુની વાડી ખાતે થયેલ. આ તકે યોજાયેલી ધર્મસભામાં સામાજિક ઉત્થાન પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. સમાજમાં શિક્ષણનો વ્યાપ વધારવા માટે આહ્વાન કરવામાં આવ્યું હતું. સાથે સમાજમાંથી વર્ષો જૂના કુરિવાજો દૂર કરવા અને વ્યસન મુક્ત એક તંદુરસ્ત સમાજના નિર્માણ માટે ઉપસ્થિત જનમેદનીને ભનુભાઈ ડાભી દ્વારા આહવાન કરવામાં આવેલ. હાલના સમયમાં થતા સાયબર ફ્રોડ અંગે લીલીયા પોલીસ સ્ટેશનના પી.આઈ. એમ.ડી. સાળુંકે દ્વારા વિશેષ માર્ગદર્શન અપાયું હતું. આ તકે જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપભાઈ દુધાત, ભીખાભાઈ ધોરાજીયા, સરપંચ વિજયભાઈ શેખલીયા, વલ્લભભાઈ ઝિંઝુવાડીયા, જીવનભાઈ વોરા, જગદીશભાઈ ઠાકોર, નીતિનભાઈ ત્રિવેદી, ખોડાભાઈ માલવિયા, કેપ્ટન ધામત, ઉદ્યોગપતિ વિનુભાઈ રામાણી, બાબુભાઈ મકવાણા, કાંતિભાઈ સાથલીયા, મનીષભાઈ માંડવીયા, યોગેશભાઈ દવે સહિતના રાજકીય સામાજિક આગેવાનો ઉપસ્થિત રહેલ. કાર્યક્રમનું આયોજન સમગ્ર ચુવાળીયા કોળી સમાજ તેમજ જય વેલનાથ યુવા ગ્રુપ લીલીયા મોટા દ્વારા કરવામાં આવેલ હતું.

# સાવરકુંડલામાં 'ઈમરજન્સી મેડિકલ ટેક્નિશિયન ડે'ની ઉજવણી



સા.કુંડલા,તા.૦૩

ગુજરાત સરકાર અને ઈ.એમ. આર.આઈ. ગ્રીન હેલ્થ સર્વિસ દ્વારા સંચાલિત ૧૦૮ સેવાના 'ઈમરજન્સી મેડિકલ ટેક્નિશિયન'ના સન્માનમાં સાવરકુંડલા ખાતે 'EMT ડે'ની ઉજવણી કરવામાં આવી હતી. દર્દીઓની સેવામાં ખડેપગે રહેતા કર્મીઓને પ્રોત્સાહિત કરવા માટે કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે સાવરકુંડલા સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ ડો. વિવેક તરસરીયા તથા શિવાંગીબેન ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

# સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈ હથીયારો જમા કરાવવા જિલ્લા મેજિસ્ટ્રેટનું જાહેરનામુ

અમરેલી,તા.૦૩

અમરેલી જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને જિલ્લા મેજિસ્ટ્રેટ વિકલ્પ ભારદ્વાજે હથિયારો જમા કરાવવા અંગેનું એક મહત્વપૂર્ણ જાહેરનામું બહાર પાડ્યું છે. આ કડક આદેશનો મુખ્ય હેતુ સમગ્ર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવી રાખવાનો તેમજ આગામી ચૂંટણી પ્રક્રિયા એકદમ શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય તે સુનિશ્ચિત કરવાનો છે.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ બહાર પાડવામાં આવેલા આ સત્તાવાર જાહેરનામા મુજબ જિલ્લાની ૧૭ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ જેવી કે નગરપાલિકા, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતના વિસ્તારોમાં કોઈપણ સામાન્ય વ્યક્તિ શસ્ત્ર અધિનિયમ ૧૯૫૯ની કલમ-૨ હેઠળ આવતું કોઈપણ પ્રકારનું ઘાતક હથિયાર ધારણ કરી શકશે નહીં. ચૂંટણી હેઠળના વિસ્તારોમાં રહેતા અને જિલ્લા બહારથી પરવાના મેળવેલા તમામ હથિયાર ધારકોએ આ જાહેરનામું અમલમાં આવ્યાના માત્ર ૭ દિવસની અંદર જ પોતાના હથિયારો સંબંધિત પોલીસ સ્ટેશનમાં ફરજિયાત પણે જમા કરાવવાના રહેશે. આ જમા કરાયેલા તમામ હથિયારો શસ્ત્ર નિયમો-૨૦૧૬ના નિયમ ૪૭ અને ૪૮ હેઠળ સ્થાનિક પોલીસ સ્ટેશનમાં અત્યંત સુરક્ષિત રીતે રાખવામાં આવશે અને સમગ્ર ચૂંટણી આચારસંહિતાનો સમયગાળો પૂર્ણ થયા બાદ નિયમ મુજબ પરત કરવામાં આવશે.

# ગજેરા કેમ્પસ-વિદ્યાસભા સ્કૂલ દ્વારા હનુમાન જયંતી નિમિત્તે પદયાત્રીઓ માટે સેવાકીય કાર્ય કરાયું

અમરેલી,તા.૦૩



અમરેલીની અગ્રણી શૈક્ષણિક સંસ્થા શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ-વિદ્યાસભા ખાતે હનુમાન જયંતીની પૂર્વ સંધ્યાએ પદયાત્રીઓ માટે સેવાકીય કાર્યનું આયોજન કરવામાં આવ્યું હતું. દર વર્ષની પરંપરા મુજબ, સંસ્થાના સ્કૂલ અને હોસ્ટેલના સ્ટાફ તેમજ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ પદયાત્રીઓ માટે ફ્રૂટ અને નેચરલ વરિયાળી-લીંબુ શરબત જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવી હતી. આ સેવાકીય સ્ટોલની રાજ્યના મંત્રી કૌશિકભાઈ વેકરિયાએ રૂબરૂ મુલાકાત લીધી હતી અને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરી શુભકામનાઓ પાઠવી હતી. હોસ્ટેલના વિદ્યાર્થીઓએ પણ અત્યંત શ્રધ્ધાભાવે સેવા આપી આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં મહત્વનું યોગદાન આપ્યું હતું.આ કાર્યક્રમ દરમિયાન સંસ્થાના મંત્રી ચતુરભાઈ ખૂંટ, કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણી તેમજ વિવિધ વિભાગના હેડ અને સ્ટાફ હાજર રહ્યા હતા. સંસ્થાના મેનેજમેન્ટ દ્વારા આ માનવસેવાના કાર્ય બદલ તમામ સ્ટાફ અને વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.


**સંકુલ સ્કૂલ કોલેજ શીફ્ટ વ્યવસ્થા ૨૬-૨૭**

GM બાલમંદિર - સવાર(કન્યા - કુમાર)
GM બાલમંદિર - બપોર(કન્યા - કુમાર)
EM બાલમંદિર - સવાર(કન્યા - કુમાર)
GM ધો.1 થી 5 - સવાર(કન્યા - કુમાર)
GM ધો.1 થી 5 - બપોર(કન્યા - કુમાર)
EM ધો.1 થી 5 - સવાર(કન્યા - કુમાર)
GM ધો.6 થી 8 ગર્લ્સ - બપોર
GM ધો.6 થી 8 મિશ્ર - સવાર
GM ધો.6 થી 8 જ્ઞાનશક્તિ ગર્લ્સ -સવાર
EM ધો.6 થી 8 ICSC-GSEB - સવાર
GM ધો.9-10 ગર્લ્સ - બપોર
GM ધો.9-10 મિશ્ર - સવાર
EM ધો.9-10 ICSC-GSEB - સવાર
GM ધો.11-12 સાયંસ ગર્લ્સ - બપોર
GM ધો.11-12 સાયંસ મિશ્ર - સવાર
EM ધો.11-12 સાયંસ GSEB -સવાર
GM ધો.11-12 કોમર્સ ગર્લ્સ -બપોર
GM ધો.11-12 કોમર્સ મિશ્ર -સવાર
EM ધો.11-12 કોમર્સ GSEB-સવાર
GM ધો.11-12 આર્ટસ ગર્લ્સ-બપોર
GM ધો.11-12 આર્ટસ મિશ્ર- સવાર
B.Sc.(MB-BT) - BCA કોલેજ - સવાર
BA-B.Com.(EM-GM)-BBA કોલેજ -સવાર
B.Pharm.-M.Pharm. કોલેજ - સવાર
B.Ed.-PTC-M.Ed. કોલેજ - સવાર
MBA કોલેજ - સવાર GTU
MCA કોલેજ - સવાર GTU
M.Sc.(MB-BT) કોલેજ - બપોર
MA-M.Com.(EM-GM) કોલેજ - બપોર
PG - DMLT કોલેજ - બપોર

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ
સ્થળ:-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(લેઉવા પટેલ ટ્રસ્ટ) અમરેલી -Ad002


# અમરેલીમાં ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેનાની કારોબારી બેઠક યોજાઈ

અમરેલી, તા.૦૩



અમરેલી ખાતે ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેનાની જિલ્લા કારોબારી મીટીંગનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં અમરેલી, સાવરકુંડલા, બાબરા, દામનગર, લાઠી, ધારી અને લીલીયા સહિતના વિવિધ તાલુકાઓના આગેવાનો અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. મીટીંગ દરમિયાન ઠાકોર સેનાના કાર્યકરોએ સમાજના યુવાનોની બેરોજગારી, ખેતી અને પશુ પાલન સાથે જોડાયેલી મુશ્કેલીઓ તેમજ મહિલા સશક્તિકરણ અને સામાજિક સુરક્ષા જેવા પાયાના પ્રશ્નો ઉઠાવ્યા હતા, જેના ઉકેલ માટે આગેવાનો દ્વારા વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

મીટીંગમાં મુખ્યત્વે ઠાકોર સમાજને આર્થિક અને શૈક્ષણિક રીતે સધ્ધર બનાવવા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. આર્થિક સશક્તિકરણ માટે યુવાનોને પ્રાઈમ મિનિસ્ટર એમ્પ્લોયમેન્ટ જનરેશન પ્રોગ્રામ, મુદ્રા લોન અને ખેતી સહાય જેવી સરકારી યોજનાઓનો લાભ લેવા જાગૃત કરવામાં આવશે. જ્યારે શૈક્ષણિક પ્રગતિ માટે જિલ્લામાં ટ્યુશન ક્લાસ, સ્કોલરશિપ કેમ્પ અને કેરિયર ગાઈડન્સ સેન્ટરની સ્થાપના કરવાનો નિર્ણય લેવાયો છે. ઉચ્ચ શિક્ષણ મેળવતા વિદ્યાર્થીઓને પ્રોત્સાહન અને માર્ગદર્શન મળી રહે તેવી વ્યવસ્થા પણ ઉભી કરવામાં આવશે.

સમાજની સમસ્યાઓના નિરાકરણ માટે આગેવાનોએ ચાર સ્તરીય પ્લેટફોર્મની રૂપરેખા આપી હતી, જેમાં સરકારી વિભાગોમાં લેખિત રજૂઆત, સોશિયલ મીડિયા અને પ્રેસ દ્વારા અવાજ ઉઠાવવો, જરૂર પડે કાનૂની સહાય લેવી અને ઠાકોર સેનાની જિલ્લા-તાલુકા કમિટી દ્વારા આંતરિક નિરાકરણ લાવવાનો સમાવેશ થાય છે. બેઠકમાં સર્વાનુમતે નક્કી કરાયું હતું કે આગામી સમયમાં સમગ્ર જિલ્લામાં "ઠાકોર સમાજ વિકાસ અભિયાન" ચલાવવામાં આવશે. ઠાકોર સેનાના આગેવાનોએ અંતમાં જણાવ્યું હતું કે સંગઠન સમાજના દરેક વ્યક્તિના વિકાસ માટે સમર્પિત છે અને સરકારના સહયોગથી તમામ પ્રશ્નોનું નિરાકરણ લાવવા કટિબધ્ધ છે.

# દામનગર તાલુકાના ભટવદર ગામે ખોડીયાર મંદિરે મહોત્સવ યોજાયો

અમરેલી,તા.૦૩



દામનગરના ભટવદર સ્થિત ખોડિયાર મંદિરે તેરસ મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. મંદિરના મહંત હરજી ભગત દ્વારા આયોજિત આ મહોત્સવમાં ભજન, ભોજન, દર્શન અને પૂજન-અર્ચન સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. આ પાવન પ્રસંગે દામનગર સહિત આસપાસના ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાંથી વિવિધ ધર્મસ્થાનકોના મહંતો, પૂજારીઓ, સાધુ-મહાત્માઓ તેમજ ભાગવતાચાર્યો ઉપસ્થિત રહ્યા હતા.










# સુરતની જેલમાંથી ફરાર થયેલા શખ્સને ઝડપી પાડતી રાજુલા પોલીસ



અમરેલી,તા.૦૩

અમરેલી જિલ્લામાં નગરપાલિકા તેમજ જિલ્લા અને તાલુકા પંચાયતની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ અન્વયે આદર્શ આચારસંહિતાનો અમલ થાય તે માટે ખાસ ઝુંબેશનું આયોજન કરવામાં આવ્યું હતું. આ યોજના હેઠળ માથાભારે ઈસમો વિરુધ્ધ પાસા અને તડીપારની કાર્યવાહી કરવા તેમજ વચગાળાના જામીન કે પેરોલ જમ્પ કરી ફરાર થયેલા કેદીઓને શોધી કાઢવા માટે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ સૂચનાના આધારે રાજુલા પોલીસ સ્ટેશનની સર્વેલન્સ ટીમ બાબરીયાધાર ગામ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી. તે દરમિયાન ખાનગી બાતમી મળી હતી કે મૂળ સાવરકુંડલાના અને હાલ સુરત રહેતા અલ્પેશ ભૂપતભાઈ ઓગાણીયા સોલંકી, જે સુરતના અમરોલી પોલીસ સ્ટેશનના હત્યાના ગુનામાં લાજપોર જેલમાં કાચા કામના કેદી તરીકે બંધ હતો, તે ફરાર થયો છે. ગુજરાત હાઈકોર્ટના હુકમથી ૧૦ દિવસના વચગાળાના જામીન મેળવી જેલમાંથી મુક્ત થયો હતો પરંતુ રજા પૂરી થવા છતાં તા. ૨૮/૦૩/૨૦૨૬થી જેલમાં હાજર ન થઈ ફરાર થઈ ગયો હતો. બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવી તેને બાબરીયાધાર ગામની સીમમાંથી ઝડપી લીધો હતો અને સુરત લાજપોર મધ્યસ્થ જેલને સોંપવાની તજવીજ હાથ ધરી છે.

**રાજુલા પોલીસે સુરત લાજપોર મધ્યસ્થ જેલને સોંપવાની તજવીજ હાથ ધરી**

# લાઠીના ભુરખીયા હનુમાનજી મંદિરે મનોદિવ્યાંગ બાળકોને આર્થિક મદદ કરાઈ



લાઠી,તા.૦૩

લાઠીના સુપ્રસિધ્ધ યાત્રાધામ ભુરખીયા હનુમાનજી મંદિરે ચૈત્રી પૂનમ, હનુમાનજીની જન્મજયંતિ નિમિત્તે યોજાયેલા મેળામાં જૂનાગઢ જિલ્લાના મેંદરડા સ્થિત એજ્યુકેશન ટ્રસ્ટના અતિ ગંભીર મનોદિવ્યાંગ બાળકો આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. આ બાળકો નાની-મોટી આર્થિક મદદની આશાએ દાદાના દરબારમાં પધાર્યા હતા.મંદિર પ્રશાસન દ્વારા આ બાળકો પ્રત્યે સહાનુભૂતિ દર્શાવવામાં આવી હતી. તેમને મંદિરના દાર્શનિક પ્રવેશદ્વાર પાસે સ્ટોલ ફાળવવામાં આવ્યો હતો, જ્યાંથી હજારો શ્રધ્ધાળુ ભાવિકો પસાર થતા હતા. દર્શનાર્થીઓ દ્વારા ફૂલ નહીં તો ફુલની પાંખડી રૂપે આ મનોદિવ્યાંગ બાળકોને નાની-મોટી આર્થિક મદદ કરવામાં આવી હતી.

## અમરેલી જિલ્લામાંથી બે શરાબી ઝબ્બે

અમરેલી, તા.૦૩

અમરેલી જિલ્લામાંથી પોલીસે બે શરાબીને ઝડપી પાડ્યા હતા. મોટા ભંડારીયા અને લીલીયા પોલીસ સ્ટેશન પાસેથી એક-એક ઈસમ પાસ પરમીટ વગર કેફીપીણું પીધેલી હાલતમાં જાહેરમાં ફરતા મળી આવ્યા હતા. ચલાલામાં ધારી રોડ રેલ્વે ફાટક પાસેથી એક યુવક એક લીટર દેશી દારૂ સાથે ઝડપાયો હતો.

# અમરેલી જિલ્લામાં અપમૃત્યુની ત્રણ ઘટના બની

**તોરી ગામે યુવકે ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું**

**અમરેલીમાં પાણીના ટાંકામાંથી દેગડી કાઢવા જતાં મહિલાનું ડૂબી જવાથી મોત**

અમરેલી, તા.૦૩

અમરેલી જિલ્લામાં અપમૃત્યુની ત્રણ ઘટના બની હતી. અમરેલી શહેરમાં પાણીના ટાંકામાંથી દેગડી કાઢવા જતાં મહિલાનું ડૂબી જવાથી મોત થયું હતું. વડિયાના તોરી ગામે યુવકે ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું. જ્યારે સાવરકુંડલામાં પુરુષે ઝેરી દવા પીતા મોત થયું હતું.પ્રથમ બનાવમાં અમરેલી શહેરમાં પાણી ભરવા જેવી સામાન્ય પ્રક્રિયા દરમિયાન એક અત્યંત કરુણ દુર્ઘટના ઘટી હતી. પાણીના ટાંકામાંથી વાસણ કાઢવા જતાં એક મહિલાનું ટાંકામાં પડી જવાથી ડૂબી જવાથી કરુણ મોત નીપજ્યું હતું. ભાસ્કરભાઈ શાંતિલાલ અધ્યારૂ એ જાહેર કર્યા મુજબ, તેમના પત્ની જાગૃતીબેન ભાસ્કરભાઈ અધ્યારૂ ઘરે પાણીના ટાંકામાંથી દેગડી વડે પાણી ભરી રહ્યા હતા. તે દરમિયાન અચાનક હાથમાંથી દેગડી છટકીને ટાંકાના ઉંડા પાણીમાં પડી ગઈ હતી. આ દેગડીને બહાર કાઢવાનો તેમણે પ્રયાસ કર્યો હતો, પરંતુ સંતુલન બગડતા તેઓ પોતે જ પાણીના ટાંકામાં ખાબક્યા હતા. ટાંકો ઉંડો હોવાને કારણે તેઓ બહાર નીકળી શક્યા નહોતા અને પાણીમાં ડૂબી જવાથી તેમનું ઘટનાસ્થળે જ મૃત્યુ નીપજ્યું હતું. આ ઘટનાની જાણ થતા જ પરિવારમાં ગમગીની છવાઈ ગઈ હતી. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ બી.આર. વાળા વધુ તપાસ કરી રહ્યા છે. બીજા બનાવમાં વડિયાના તોરી ગામે રહેતા ભીખુભાઈ નાથાભાઈ રાઠોડે જાહેર કર્યા મુજબ, નિકુંજભાઈ ભીખુભાઈ રાઠોડ (ઉ.વ.૨૮) ગળાફાંસો ખાઈ જતા મરણ પામ્યા હતા. ત્રીજા બનાવમાં સાવરકુંડલામાં રહેતા ઈમ્તીયાઝભાઈ ઈકબાલભાઈ સૈયદે જાહેર કર્યા મુજબ, ઈકબાલભાઈ મહમ્મદભાઈ સૈયદ (ઉ.વ.૫૬) પોતાની મેળે ઝેરી દવા પી જતા મરણ પામ્યા હતા.

# બગસરામાં પત્ની પર પતિએ કાતર વડે કર્યો હુમલો: જાનથી મારી નાખવાની ધમકી આપી

બગસરા, તા. ૦૩

બગસરામાં એક શરમજનક ઘટના સામે આવી છે. જેમાં એક પત્ની પર તેના જ પતિએ ઘાતક હુમલો કરી ઈજા પહોંચાડી હોવાની ફરિયાદ નોંધાઈ હતી. કાજલબેન જગદીશભાઈ ડાભીએ પતિ જગદીશભાઈ કાળુભાઈ ડાભી સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે,જ્યારે તે ઘરે હાજર હતી, ત્યારે તેના પતિએ અચાનક ઉશ્કેરાઈ જઈ ગાળાગાળી શરૂ કરી હતી. પતિએ આજે તો તને મારી જ નાખવી છે તેમ કહી ઘરમાં પડેલી કાતર વડે ૨ હુમલો કર્યો હતો. આ હુમલામાં તેને ડાબા હાથના ભાગે ઈજાઓ પહોંચી હતી. હુમલો કર્યા બાદ પણ આરોપીએ પત્નીને બિભત્સ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બગસરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એસ એચ મીંગ વધુ તપાસ કરી રહ્યા છે.

# તાલુકા-જિલ્લા પંચાયતની ચૂંટણીમાં ૧૦૯૩ મતદાન મથકો પર મતદાન થશે

**૬ નગરપાલિકાઓના ૪૬ વોર્ડ માટે ૨૩૧ મતદાન મથકો ઊભા કરાશે**

અમરેલી,તા.૦૩

ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય અને પેટા ચૂંટણી એપ્રિલ ૨૦૨૬નો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. આ અંતર્ગત અમરેલી જિલ્લામાં કુલ ૬ નગરપાલિકાઓ અને ૧૧ તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણીઓ યોજાશે. આ ચૂંટણીઓ માટે મતદાન તારીખ ૨૬ એપ્રિલ ૨૦૨૬ના રોજ થશે અને મતગણતરી તારીખ ૨૮ એપ્રિલ ૨૦૨૬ના રોજ હાથ ધરવામાં આવશે. જિલ્લામાં આ પ્રક્રિયા માટે આદર્શ આચારસંહિતાનો અમલ શરૂ કરી દેવાયો છે. તાલુકા અને જિલ્લા પંચાયતની ચૂંટણી હેઠળ અમરેલી જિલ્લાની કુલ ૩૪ બેઠકો અને તાલુકા પંચાયતોની ૧૯૦ બેઠકો માટે ૧,૦૯૩ મતદાન મથકો પર મતદાન થશે. જેમાં કુલ ૮,૬૪,૮૭૭ મતદારો મતાધિકારનો ઉપયોગ કરશે. બીજી તરફ ૬ નગરપાલિકાઓના ૪૬ વોર્ડ માટે ૨૩૧ મતદાન મથકો ઊભા કરાશે, જેમાં કુલ ૨,૧૦,૬૭૭ શહેરી મતદારો નોંધાયેલા છે.

# રાજુલાના વાવેરા ગામની યુવતી ગુમ થતાં પરિવારમાં ચિંતાનો માહોલ

રાજુલા, તા.૦૩

રાજુલા તાલુકાના વાવેરા ગામેથી એક યુવતી ભેદી સંજોગોમાં ગુમ થઈ હોવાની ઘટના સામે આવી હતી. વાવેરા ગામે રહેતી ૨૦ વર્ષીય તેજલબેન ટપુભાઈ મકવાણા નામની યુવતી પોતાના ઘરેથી કોઈને પણ કહ્યા વગર અચાનક નીકળી ગઈ હતી. પરિવારે આસપાસના વિસ્તારમાં અને સગા-સંબંધીઓને ત્યાં તપાસ કરવા છતાં યુવતીની કોઈ ભાળ મળી નથી. યુવતી પોતાની રીતે જ ઘરેથી ક્યાંક જતી રહી હોવાનું પ્રાથમિક રીતે સામે આવ્યું હતું. આ મામલે રાજુલા પોલીસ મથકે ગુમશુદાની નોંધ કરાવી તપાસ હાથ ધરવામાં આવી હતી. જો કોઈને આ યુવતી વિશે માહિતી મળે તો પોલીસનો સંપર્ક કરવા વિનંતી કરવામાં આવી હતી. રાજુલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ વી કે ગોહિલ વધુ તપાસ કરી રહ્યા છે.

# ચૂંટણી સબંધિત રાજકીય એજન્ટો, આગેવાનોના વિશ્રામગૃહના ઉપયોગ પર પ્રતિબંધ કરાયો

અમરેલી,તા.૦૩

ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા જાહેર કરાયેલા કાર્યક્રમ મુજબ અમરેલી જિલ્લાની ૬ નગરપાલિકાઓ અને ૧૧ તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણીઓ યોજાશે. ૨૬ એપ્રિલ ૨૦૨૬ના રોજ મતદાન અને ૨૮ એપ્રિલના રોજ મતગણતરી થવાની છે.

આ દરમિયાન આદર્શ આચારસંહિતાના ભાગરૂપે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ ૧૬૩ હેઠળ કડક નિયમો લાગુ કર્યા છે.

રાજકીય પક્ષો, ઉમેદવારો કે તેમના એજન્ટો રાજકીય અને ચૂંટણી પ્રચારના હેતુ માટે કોઈપણ સરકારી વિશ્રામગૃહ કે ડાક બંગલાનો ઉપયોગ કરી શકશે નહીં. વળી રાજકીય પક્ષોની બેઠકોને પણ અહીં મંજૂરી મળશે નહીં. કોઈપણ વ્યક્તિને ૪૮ કલાકથી વધુ સમય માટે રૂમ ફાળવી શકાશે નહીં અને મતદાન પૂરું થવાના ૪૮ કલાક પહેલા કોઈને રૂમ આપી શકાશે નહીં.

આ આદેશનો ભંગ કરનાર સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૨૨૩ મુજબ કાયદેસરની કડક કાર્યવાહી કરવામાં આવશે. આ નિયમો આગામી ૩૦ એપ્રિલ સુધી લાગુ રહેશે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: બીજ
તા.૦૪-૦૪-૨૦૨૬, શનિવાર, સૂર્યોદય-૦૬:૩૩,
સૂર્યાસ્ત-૦૬:૫૨, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: સ્વાતિ

## દૈનિક રાશિફળ

તા.૦૪-૦૪-૨૦૨૬ શનિવાર

મેષ: ઘરની બહારની પ્રવૃત્તિઓ પર પણ તમારું ધ્યાન રાખો. તમારી યોગ્યતા અને ધંધાકીય કુશળતાને કારણે લાભની નવી તકો મળી શકે છે.

વૃષભ : ધાર્મિક અને આધ્યાત્મિક પ્રવૃત્તિઓમાં રસ વધવાથી તમારા વર્તનમાં પણ સકારાત્મક પરિવર્તન આવશે. તમે કોઈપણ શ્રેષ્ઠ નિર્ણય લઈ શકશો.

મિથુન: તમારી બૌદ્ધિક ક્ષમતાને કારણે તમને કેટલાક સકારાત્મક પરિણામો મળશે, જેનાથી સંબંધીઓ અને પરિવારમાં તમારું સન્માન વધશે.

કર્ક: આજે તમને તમારા ખાસ કાર્યને પૂર્ણ કરવામાં કોઈ ખાસ મિત્રનો સહયોગ મળશે. આર્થિક સ્થિતિમાં પણ સુધારો થઈ શકે છે.

સિંહ:આજે પરિસ્થિતિ ખૂબ જ સમૃધ્ધ છે. આ સમયે ગ્રહોની સ્થિતિ તમારી મહત્વપૂર્ણ યોજનાઓ શરૂ કરવા માટે ઊર્જા પ્રદાન કરે છે.

કન્યા: થોડા દિવસોથી ચાલી રહેલા કામમાંથી રાહત મેળવવા માટે આરામ અને મનોરંજનમાં સમય પસાર કરો. ઘર અને પરિવાર પ્રત્યે તમારું યોગદાન પણ રહેશે.

તુલા: મિત્રો અને મનોરંજન સાથે સારો સમય પસાર થશે. તમે તમારી યોગ્યતા દ્વારા કોઈ મહત્વપૂર્ણ નિર્ણય લેશો જે લાભ આપી શકે છે.

વૃશ્ચિક: તમારું કોઈપણ કામ પ્લાનિંગ અને સકારાત્મક વિચારો સાથે કરવાથી તમને નવી દિશા મળશે.

ધન આ સમયે ગ્રહોની સ્થિતિ તમારા પક્ષમાં સારી બની રહી છે. તેને યોગ્ય રીતે માન આપો.

મકર: આ દિવસોમાં તમે તમારી કાર્યશૈલી અને વ્યક્તિત્વ પર વધુ ધ્યાન આપી રહ્યા છો.

કુંભ: આજે તમે તમારા અને તમારા પરિવાર પર વધુ ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છો. તમારી પ્રતિભા અને યોગ્યતાની પણ પ્રશંસા થશે.

મીન: આજે કેટલાક પારિવારિક વિવાદો ઉકેલાઈ જવાથી ઘરમાં આરામ અને શાંતિનું વાતાવરણ રહેશે.

# સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને ધ્યાને લઈ અધિક કલેક્ટરનું જાહેરનામુ

અમરેલી,તા.૦૩

ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય અને પેટા ચૂંટણી-એપ્રિલ ૨૦૨૬નો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. આ અંતર્ગત અમરેલી જિલ્લામાં કુલ ૬ નગરપાલિકાઓ અને ૧૧ તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણીઓ યોજાશે. આ ચૂંટણીઓ માટે મતદાન તારીખ ૨૬-૦૪-૨૦૨૬ના રોજ અને મતગણતરી તારીખ ૨૮-૦૪-૨૦૨૬ના રોજ હાથ ધરવામાં આવશે. આદર્શ આચારસંહિતાના ચુસ્ત અમલ માટે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૩ની પેટા કલમો હેઠળ એક જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.કોઈપણ ઉમેદવાર કે વ્યક્તિઓ દ્વારા ધ્વજ, બેનર્સ, હોંર્ડિંગ્સ અને કટઆઉટ્સ જેવા પ્રચારના સાધનો કોઈપણ જાહેર જગ્યાએ અથવા રસ્તા પર મૂકી શકાશે નહીં અને તે માટે સક્ષમ સત્તાધિકારીની પૂર્વ મંજૂરી મેળવવી અનિવાર્ય રહેશે. આ ઉપરાંત જાહેર કે ખાનગી મકાનોની દીવાલો પર સૂત્રો લખવા અથવા પોસ્ટર ચોંટાડવા પર પ્રતિબંધ રહેશે અને સંબંધિત કાયદાઓનો કડક અમલ કરવાનો રહેશે. ઉમેદવારીપત્રો ભરવા કે ચકાસણી સમયે મોટા સરઘસ કાઢવા પર સદંતર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. ચૂંટણી પ્રચાર દરમિયાન કાફલામાં ત્રણથી વધુ વાહનો એકીસાથે લઈ જઈ શકાશે નહીં અને ડોર-ટુ-ડોર પ્રચાર માટે ઉમેદવાર સાથે મહત્તમ પાંચ જ વ્યક્તિઓ જઈ શકશે. સક્ષમ અધિકારીની પૂર્વ પરવાનગી વગર ચારથી વધુ વ્યક્તિઓ એકત્રિત થઈ શકશે નહીં તેમજ સભા કે સરઘસ માટે ચૂંટણી અધિકારીની મંજૂરી લેવી પડશે. આ હુકમોનો ભંગ કરનાર સામે કાયદેસરની કડક કાર્યવાહી કરવામાં આવશે અને આ આદેશ તારીખ ૩૦-૦૪-૨૦૨૬ સુધી સમગ્ર વિસ્તારમાં અમલી રહેશે.

# લીલીયાના કુતાણા ગામે પ્રૌઢને બેફામ માર મારી વાડો સળગાવી નાખ્યો

લીલીયા, તા.૦૩

લીલીયા તાલુકાના કુતાણા ગામે નજીવી બાબતે ઉશ્કેરાયેલા એક શખ્સે પ્રૌઢ સાથે માથાકૂટ કરી મારપીટ કર્યા બાદ તેમનો વાડો સળગાવી નાખતા ચકચાર મચી ગઈ હતી. ભોથાભાઈ કુબેરભાઈ વડેચાએ ખારા ગામના કમલેશભાઈ ઉર્ફે કમો અમરૂભાઈ ગરણીયા સામે ફરિયાદ નોંધાવી હતી. કુતાણા ગામે બનેલી આ ઘટનામાં આરોપીએ તેમને કોઈપણ કારણ વગર અચાનક ગાળો આપવાનું શરૂ કર્યું હતું. ત્યારબાદ ઉશ્કેરાયેલા આરોપીએ ઢીકાપાટુનો મુંઢ માર મારી લોહીલુહાણ કરી નાખ્યા હતા અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આટલેથી ન અટકતા, આરોપીએ તેમને તેમનો વાડો સળગાવી નાખવાની ધમકી આપી હતી અને ત્યારબાદ વાડાની બાવળના કાંટાની વાડમાં આગ ચાંપી દઈ નુકસાન પહોંચાડ્યું હતું.


**વિષય :- દસ્તાવેજ કરતા પુર્વેની જાહેર નોટીસ**

આથી અમો નીચે સહી કરનાર દેવરાજ વી ખાંભલીયા એડવોકેટ એ લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસ થી જાણ/તાકીદ કરવામા આવે છે. અમારા અસીલ ની સુચના અને ફરમાઈશ જેની આ જાહેર નોટીસ આપી જણાવુ છુ.

અમરેલી ડીસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ તાલુકો :-લીલીયા, મોજેઃ-બોડીયા ના ખેડ ખાતા નં.૪૯૭ જેના રે. સર્વે નં.૩૮૯, જેનુ કુલ ક્ષેત્રફળ :-૧-૪૫–૫૨ હે.આરે. ચો.મી.તથા રે.સર્વે નં.૩૯૦ જેનુ કુલ ક્ષેત્રફળ :-૧-૪૧-૫૭ હે.આરે.ચો.મી. જેનુ કુલ મળીને ક્ષેત્રફળઃ-૨-૮૭–૦૯ હે.આરે.ચોમી.(૧) પ્રવિણભાઈ કાળુભાઈ બરવાળીયા,ના નામે ચાલે છે.જે જુની શરત ની છે.જે ખેતીની બીન પીયત જમીન સદરહુ જમીનના માલીક,કબજેદાર અને ધારણકર્તા ના સયુંકત/સ્વતંત્ર નામે ચાલી આવેલ છે મજકુર મિલકતના ટાઈટલ સંપુર્ણ ચોખ્ખા, કલીયર, માર્કેટેબલ હોવાનુ જણાવીને તેમજ મજકુર મિલકતમાં તેઓસીવાય અન્ય કોઈનો કોઈ પણ પ્રકારનો હકક, હીત, હિસ્સો, લાગભાગ ચાલી આવેલ નથી તેવુ જણાવીને મજકુર મિલકત અમારા અસીલ ને વેચાણ આપવા માટે નકકી કરેલ છે. જેથી સદરહુમિલકત માજો કોઈ નો વાંધો વિરોધ કે હક, હીત, સંબંધ, લાગભાગ, દરદાવો કે ઈઝમેન્ટ તથા અન્યકોઈપણ રીતે હકક હિસ્સો હોય અથવા તો કોઈ બેંક કે સંસ્થાનુ લેણુ હોય અગર તો તબદીલીઅંગે નાકોઈ પણ લખાણો હોય તો તેઓએ નીચે નાસરનામે દિન-૫ મા પુરાવા સહિત લેખિત જાણ કરવી. જો તેમ કરવામાં કસુર થશે તો આ નોટીસ ની મુદત વિત્યે સદર મિલકતમાં કોઈ વ્યકિત કે સંસ્થાના કોઈ પણ પ્રકાર નો હકક હીત, હીસ્સો કે લેણુ નથી અને હોય તો જતો કરેલ છે તેમાની અમારા અસીલ મજકુર મિલ્કત વેચાણ દસ્તાવેજ કરાવી લેશે અને ત્યાર પછી કોઈ પણ વ્યક્તિ કે સંસ્થા ની કોઈ પણ જાતની તકરાર વાંધો વિરોધ ચાલશે નહી અને તેવા ઈસમોને કોઈ પણજાતના હકો પ્રાપ્ત થશે નહી, જેનીજનતાને નોંધ લેવી.

સરનામુઃ-
દેવ કોર્પોરેટ ઓફીસ
ગ્રામ પંચાયત કચેરીની સામે,
લીલીયા મોટા–૩૬૫૫૩૫
મો.૮૪૬૦૪૪૮૧૮૨,
મો. ૯૪૨૬૫ ૫૪૧૭૨

સહી
લી.આપનો વિશ્વાસુ



**વિષય :- દસ્તાવેજ કરતા પુર્વેની જાહેર નોટીસ**

આથી અમો નીચે સહી કરનાર દેવરાજ વી ખાંભલીયા એડવોકેટ એ લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસ થી જાણ/તાકીદ કરવામાં આવે છે.અમારા ની સુચના અને ફરમાઈશ જેની આ જાહેર નોટીસ આપેલ હતી.જેની વિગત નીચે મુજબ છે.

અમરેલી ડીસ્ટ્રીકટ સબ ડિસ્ટ્રીકટ તાલુકોઃ-સા.કુંડલા, મોજે–ખડકાળાના ખેડ ખાતા નં.૭૦૭ જેના રે. સર્વે નં.૧૭૫/૨,જેનુ કુલ મળીને ક્ષેત્રફળ –૨-૩૭-૩૫ હે.આરે. ચો.મી.(૧) રાજુભાઈ ભરતભાઈ ખુમાણ ના નામે ચાલે છે જે જુની શરતની છે.ખેતીની બિન પિયત જમીન સદરહુ જમીનના માલીક, કબજેદાર અને ધારણ કર્તા ના સયુંકત/સ્વતંત્ર નામે ચાલી આવેલ છે મજકુર મિલક્તના ટાઈટલ સંપુર્ણચોખ્ખા, કલીયર,માર્કેટેબલ હોવાનું જણાવીને તેમજ મજકુર મિલકત મા તેઓ સીવાય અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો હકક,હત,હિસ્સો,લાગ ભાગ ચાલી આવેલ નથી તેવુ જણાવીને મજકુર મિલકત અમારાઅસીલ ને વેચાણ આપવા માટે નક્કી કરેલ છે. જેથી સદરહુ મિલકત મા જો કોઈ નો વાંધો વિરોધ કેહકક, હીત, સંબંધ, લાગભાગ, દરદાવો કે ઈઝમેન્ટ તથા અન્ય કોઈ પણ રીતે હકક હિસ્સો હોય અથવા તો કોઈ બેંક કે સંસ્થાનુ લેણુ હોયઅગર તો તબદીલી અંગે ના કોઈ પણ લખાણો હોય તો તેઓએ નીચે ના સરનામે દિન-૭ મા પુરાવા સહિત લેખિત જાણ કરવી. જો તેમ કરવામા કસુર થશે તો આ નોટીસ ની મુદત વિત્યે સદર મિલક્તમા કોઈ વ્યક્તિ કે સંસ્થાના કોઈ પણ પ્રકાર નો હકક હીત, હીસ્સો કે લેણુ નથી અને હોય તો જતો કરેલ છે તેમાની અમારા અસીલ મજકુર મિલ્કત વેચાણ દસ્તાવેજ કરાવી લેશે અને ત્યાર પછી કોઈ પણ વ્યકિત કે સંસ્થા ની કોઈ પણ જાતની તકરાર વાંધો વિરોધ ચાલશેનહી અને તેવા ઈસમોને કોઈ પણ જાત ના હકકો પ્રાપ્ત થશે નહી, જેનીજનતાને નોંધ લેવી.

સરનામુઃ-
દેવ કોર્પોરેટ ઓફીસ
ગ્રામ પંચાયત કચેરીની સામે,
લીલીયા મોટા–૩૬૫૫૩૫
મો.૮૪૬૦૪૪૮૧૮૨,
મો. ૯૪૨૬૫ ૫૪૧૭૨

સહી
લી.આપનો વિશ્વાસુ

તંત્રી લેખ

# સંયુક્ત આરબ અમીરાતની એન્ટ્રી

પશ્ચિમ એશિયા અત્યારે એક એવા ભયાનક વળાંક પર ઊભું છે જ્યાં વર્ષોથી ચાલી આવતી ભૌગોલિક અને રાજકીય અસ્થિરતા હવે સીધા સૈન્ય સંઘર્ષમાં પરિવર્તિત થતી જણાય છે. છેલ્લા એક મહિનાથી વધુ સમયથી અમેરિકા, ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે જે તણાવ ચાલી રહ્યો છે, તેમાં ભારતનો પરમ મિત્ર ગણાતો દેશ સંયુક્ત આરબ અમીરાત હવે સક્રિય ભૂમિકા ભજવવા તૈયાર થયો છે. અત્યાર સુધી સંયમ જાળવી રાખનારું હવે ઈરાનની આક્રમક નીતિઓ સામે રક્ષણાત્મક નહીં પણ આક્રમક વલણ અપનાવી રહ્યું છે, જે મિડલ ઈસ્ટના સમીકરણો બદલી શકે છે. અત્યાર સુધી શાંતિ અને વેપાર પર ધ્યાન કેન્દ્રિત કરનારું યુક્ત આરબ અમીરાત હવે ઈરાન સામે સૈન્ય મોરચો ખોલવાની તૈયારીમાં છે. ઈરાન દ્વારા સતત ખાડી દેશોના હિતો પર થઈ રહેલા હુમલાઓને કારણે યુ.એ.ઈ એ પોતાનું વલણ બદલ્યું છે. જો યુ.એ.ઈ આ સંઘર્ષમાં કૂદશે, તો તે ઈરાન સામે સૈન્ય કાર્યવાહી કરનાર પ્રથમ ખાડી દેશ બની શકે છે. આ માત્ર સૈન્ય શક્તિનું પ્રદર્શન નથી, પરંતુ પોતાના અસ્તિત્વ અને આર્થિક સુરક્ષાને બચાવવાનો એ આ સમગ્ર વિવાદના કેન્દ્રમાં 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ' એટલે કે હોર્મુઝનો જળમાર્ગ છે. આ જળમાર્ગ માત્ર સમુદ્રનો એક ફાંટો નથી, પરંતુ તે વિશ્વની આર્થિક ધોરીનસ છે. દુનિયાભરમાં વપરાતા ક્રૂડ ઓઈલ અને પ્રાકૃતિક ગેસનો મોટો હિસ્સો આ સાંકડા માર્ગેથી પસાર થઈને એશિયા અને યુરોપના બજારોમાં પહોંચે છે. ઈરાન દ્વારા આ માર્ગ પર અંકુશ મેળવવાની કે અવરોધ ઊભો કરવાની કોશિશને કારણે વૈશ્વિક સપ્લાય ચેઈન ખોરવાઈ ગઈ છે. પરિણામે, અનેક દેશોમાં ઉર્જા સંકટ ઊભું થયું છે અને મોંઘવારી વધવાની દહેશત જન્મી છે. જ્યારે અમેરિકા જેવા મોટા રાષ્ટ્રોએ આ મામલે મક્કમ પગલાં લેવામાં ઢીલ બતાવી ત્યારે યુ.એ.ઈ એ સ્વબચાવ અને આર્થિક સુરક્ષા માટે પોતે જ મેદાનમાં ઉતરવાનો સંકેત આપ્યો છે. યુ.એ.ઈ.ની આ તૈયારી પાછળનું મુખ્ય કારણ ઈરાન તરફથી સતત વધી રહેલા ડ્રોન અને મિસાઈલ હુમલાઓ છે, જે ખાડી દેશોની સુરક્ષા માટે મોટો પડકાર બની ગયા છે. જોં છઈ આ યુધ્ધમાં સીધી રીતે સામેલ થાય છે, તો તે આવું કરનાર પ્રથમ આરબ દેશ બનશે, જે આ ક્ષેત્રની પરંપરાગત રાજનીતિમાં મોટો ફેરફાર લાવશે. યુ.એ.ઈ. માત્ર સૈન્ય બળના આધારે નહીં, પરંતુ રાજદ્વારી માર્ગે પણ ઈરાનને ઘેરવાની કોશિશ કરી રહ્યું છે. તે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં પ્રસ્તાવ લાવીને આંતરરાષ્ટ્રીય સ્તરે ઈરાન પર દબાણ વધારવા માંગે છે. સાથોસાથ, તેણે અમેરિકા અને યુરોપિયન રાષ્ટ્રોને અપીલ કરી છે કે હોર્મુઝ જળમાર્ગને સુરક્ષિત રાખવા માટે એક મજબૂત વૈશ્વિક ગઠબંધન બનાવવામાં આવે. જોકે, આ માર્ગ એટલો સરળ નથી. રશિયા અને ચીન જેવા દેશો, જેમના હિતો ઈરાન સાથે જોડાયેલા છે, તેઓ સંયુક્ત રાષ્ટ્રમાં યુ.એ.ઈ. ના પ્રસ્તાવ સામે વીટો વાપરીને અવરોધ ઊભો કરી શકે છે. ભારત માટે પણ આ સ્થિતિ અત્યંત સંવેદનશીલ છે, કારણ કે ભારતને ઊર્જા સુરક્ષા માટે ખાડી દેશો અને ઈરાન બંને સાથેના સંબંધો સંતુલિત રાખવા જરૂરી છે. અંતે, જો આ તણાવ હિંસક વળાંક લેશે, તો તેની અસર માત્ર મિડલ ઈસ્ટ પૂરતી મર્યાદિત નહીં રહે, પરંતુ તેની ઝપેટમાં સમગ્ર વિશ્વનું અર્થતંત્ર આવી શકે છે. અત્યારે સમગ્ર વિશ્વની નજર યુ.એ.ઈના આગામી પગલાં અને આંતરરાષ્ટ્રીય સમુદાયના પ્રતિભાવ પર ટકેલી છે.

# અનિશ્ચિત યુધ્ધની અસરો નિવારવા માટે ભારત સહિતના દેશો સજ્જ થઈ રહ્યા છે



પ્રાસંગિક
સુરેશ દેસાઈ

દુનિયા આજે એક એવા સમયગાળામાંથી પસાર થઈ રહી છે, જ્યાં નિર્ણયા ક્ષણોમાં બદલાઈ જાય છે અને તેની અસર સમગ્ર વૈશ્વિક વ્યવસ્થાને હચમચાવી દે છે. વિશ્વની સૌથી મોટી શક્તિ ગણાતા અમેરિકાના નેતૃત્વમાં ઉભી થયેલી અનિશ્ચિતતા આ પરિસ્થિતિને વધુ જટિલ બનાવે છે. એક તરફ યુધ્ધમાંથી બહાર નીકળવાની ઈચ્છા છે, તો બીજી તરફ તે જ યુધ્ધને વધુ તીવ્ર બનાવતી ભાષા અને પગલાં જોવા મળે છે. આ દ્વંદ્વ ભરેલી સ્થિતિએ માત્ર અમેરિકા જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વને અસ્થિરતાની કિનારે લાવી મૂક્યું છે. અમેરિકન પ્રેસિડેન્ટ બેક ફૂટ માં હોવા છતાં ધાક ધમકી આપવામાથી ઊંચા આવતા નથી. તેના ભાષણની મીમીક્રી જગતભરના સોશિયલ મીડિયામાં થઈ રહી છે.

ખાસ કરીને ઈરાન સાથે ઊભી થયેલી તણાવસભર પરિસ્થિતિમાં, યુધ્ધના વાદળો ઘેરાતા દેખાઈ રહ્યા છે. આ સંજોગોમાં ભારત જેવી ઊભરતી આર્થિક શક્તિ માટે ચિંતાનો વિષય સ્વાભાવિક છે. ભારત અને ઈરાન વચ્ચેના સારા સંબંધો, ખાસ કરીને ઊર્જા ક્ષેત્રમાં, ભારતને એક અલગ સ્થિતિમાં મૂકે છે. ઈરાનમાંથી મળતું તેલ ભારતની ઊર્જા સુરક્ષામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે, અને આ સંબંધોને જાળવી રાખવું ભારતની વિદેશ નીતિની એક મોટી સફળતા ગણાય છે.

આજની પરિસ્થિતિમાં સૌથી મોટી સમસ્યા એ છે કે કોઈને ખબર નથી કે આગળ શું થવાનું છે. ક્યારેક યુધ્ધ બંધ થવાની આશા દેખાય છે, તો ક્યારેક તે વધુ ભડકવાની ભીતિ ઉભી થાય છે. હોર્મુઝ જળમાર્ગ જેવી વૈશ્વિક ઊર્જા પુરવઠાની નાડી પર અનિશ્ચિતતાનું મંડરાવવું વિશ્વ અર્થવ્યવસ્થાને ગંભીર અસર પહોંચાડી શકે છે. જો આ માર્ગ લાંબા સમય સુધી અવરોધિત રહે, તો તેલ અને ગેસના ભાવમાં મોટો ઉછાળો આવવો સ્વાભાવિક છે.

ભારત માટે આ પરિસ્થિતિ ખાસ કરીને પડકારજનક છે, કારણ કે દેશ તેની ઊર્જા જરૂરિયાત માટે મોટા પ્રમાણમાં આયાત પર આધારિત છે. રોજિંદા જીવનથી લઈને ઉદ્યોગ અને કૃષિ સુધી, તેલ અને ગેસના ભાવમાં વધારો દરેક ક્ષેત્રને અસર કરે છે. પરિવહન ખર્ચ વધે છે, ઉત્પાદન મોંઘું બને છે અને આખરે સામાન્ય માણસ સુધી મોંઘવારીનો બોજો પહોંચે છે. ખેતી ક્ષેત્રમાં પણ ડીઝલ અને ખાતરના ખર્ચમાં વધારો ખેડૂતોને સીધી અસર કરે છે, જેના કારણે ખાદ્ય પદાર્થોના ભાવમાં વધારો થાય છે.

આ ઉપરાંત, ગેસ પુરવઠાની અસ્થિરતા પણ એક મોટો પ્રશ્ન બની રહી છે. ભારત તેના ગેસના મોટા હિસ્સા માટે ગલ્ફ દેશો પર નિર્ભર છે, અને યુધ્ધની પરિસ્થિતિમાં આ પુરવઠો ખોરવાઈ શકે છે. શરૂઆતમાં ભારતે પરિસ્થિતિને સારી રીતે સંભાળી છે, પરંતુ જો યુધ્ધ લાંબું ચાલે, તો બળતણના ભાવમાં વધારો અનિવાર્ય બની શકે છે.

આ બધાની વચ્ચે ફુગાવાનો ખતરો પણ ઊભો થાય છે. ઊર્જાના ભાવ વધે ત્યારે તેની અસર સીધી રીતે મોંઘવારી પર પડે છે, જે સામાન્ય લોકોની ખરીદ શક્તિને અસર કરે છે. ખાસ કરીને મધ્યમ અને નીચલા વર્ગ માટે આ પરિસ્થિતિ વધુ મુશ્કેલ બની શકે છે. સાથે જ, આંતરરાષ્ટ્રીય હવાઈ મુસાફરી અને દરિયાઈ વેપાર પર પણ તેની અસર પડે છે. જેટ ઈંધણ અને નૂરના વધેલા દરો વૈશ્વિક વેપારને ધીમો પાડી શકે છે.


પરંતુ આ પરિસ્થિતિમાં એક મહત્વપૂર્ણ સત્ય એ છે કે તમામ બાબતો ભારતના નિયંત્રણમાં નથી. યુધ્ધ ક્યારે સમાપ્ત થશે, કંઈ દિશામાં આગળ વધશે આવા ઘણા પ્રશ્નો ભારતના હાથમાં નથી. છતાં, જે બાબતો આપણા નિયંત્રણમાં છે, તેમાં સમજદારીપૂર્વકના પગલાં લેવાની જરૂર છે. ભારતે અત્યાર સુધી ઊર્જા સ્ત્રોતોમાં વૈવિધ્ય લાવવાનો પ્રયત્ન કર્યો છે, જે એક સકારાત્મક દિશામાં લેવાયેલું પગલું છે. રશિયન તેલની ખરીદી દ્વારા ભારતે પોતાની જરૂરિયાતોને સંતુલિત રાખવાનો પ્રયાસ કર્યો છે. પરંતુ હવે સમય આવી ગયો છે કે આ પ્રયાસોને વધુ વિસ્તૃત અને મજબૂત બનાવવામાં આવે. વધુ દેશોમાંથી ઊર્જા આયાતના વિકલ્પો શોધવા, સ્થાનિક ઉત્પાદન વધારવા અને વ્યૂહાત્મક ભંડારોને મજબૂત બનાવવાનું મહત્વ વધ્યું છે.

આ સાથે, નવીનીકરણીય ઊર્જા તરફ ઝડપી વલણ અપનાવવું પણ સમયની માંગ છે. સૂર્ય અને પવન ઊર્જા જેવા વિકલ્પો ભારતને લાંબા ગાળે વધુ આત્મનિર્ભર બનાવી શકે છે. રાજદ્વારી સ્તરે પણ ભારતે સંતુલિત અને સક્રિય ભૂમિકા ભજવવી જરૂરી છે, જેથી વિવિધ દેશો સાથેના સંબંધો મજબૂત રહી શકે. આ સમગ્ર પરિસ્થિતિનો સાર એ છે કે હવે માત્ર એક કે બે વિકલ્પો પૂરતા નથી. અનિશ્ચિતતાના આ સમયમાં ભારતે બહુસ્તરીય યોજનાઓ તૈયાર રાખવી પડશે. જો એક યોજના નિષ્ફળ જાય, તો બીજી તરત અમલમાં આવી શકે તેવી તૈયારી હોવી જોઈએ. એટલે કે, યોજના **'A'**થી આગળ વધીને **'B'** થી **'Z'** સુધીની સંપૂર્ણ વ્યૂહરચના તૈયાર રાખવી સમયની જરૂરિયાત બની ગઈ છે.

અંતમાં, કહી શકાય કે આશા રાખવી જરૂરી છે કે પરિસ્થિતિ જલદી સુધરે, યુધ્ધ સમાપ્ત થાય અને વૈશ્વિક અર્થતંત્ર ફરી સ્થિર થાય. પરંતુ સાથે સાથે, સૌથી ખરાબ પરિસ્થિતિ માટે તૈયારી રાખવી એ જ સાચી દુરંદેશી છે. જ્યારે વિશ્વ અનિશ્ચિતતાની કિનારે ઊભું હોય, ત્યારે માત્ર આશા નહીં, પરંતુ મજબૂત તૈયારી જ દેશને સુરક્ષિત રાખી શકે છે.

**ઇરાન- અમેરિકાના યુદ્ધને કારણે ભારતે પગલા લેવાના શરૂ કર્યા છે તેની હવે 'A'થી આગળ 'Z' સુધીની તૈયારી કરી દીધી છે જેમાં નવા તેલ ક્ષેત્રો શોધવાથી માંડીને વૈકલ્પિક વિશ્વ બજાર તરફ જવાના રસ્તા પણ ખોલવા માટે પ્રયાસો શરૂ કરી દીધા છે. બીજી બાજુ અમેરિકાના પ્રેસિડેન્ટ યુદ્ધમાં આબાદ ફસાયા હોવા છતાં આપવડાઈમાંથી બહાર આવતા નથી**

## શબ્દ સંજોગ-૨૧૭૪



**આડી ચાવી :**
(૧) ગાંધીજીએ આ ગામે સત્યાગ્રહ માટે કૂચ કરેલી (૨)
(૨) વેચવુ તે (૩)
(૪) સંખ્યાની નિશાની (૨)
(૬) બીના, બાબત (૩)
(૭) દહીં વલોવવાથી નીકળતુ સત્વ (૩)
(૮) ગોઠવણ, વ્યવસ્થા (૩)
(૧૦) નાળચાવાળો લોટો (૩)
(૧૪) .....સે જયોત જલાવો (૨)
(૧૫) ઝાકળ (૩)
(૧૭) બાજુપરનો કકડો (૨)
(૨૦) ચાનું અંગ્રેજી (૧)
(૨૧) કાર્તિકેય (૪)
(૨૫) એક શાક (૨)
(૨૬) પાઠ, ઘડો (૩)
(૨૭) ગળ્યુ બહુ ખાઓ તો દાંતમા મારે (૩)
(૨૮) દાબવુ તે, દબાણ (૨)
(૨૯) માલ મિલકત, દોલત (૨)

**ઉભી ચાવી :**
(૧) કાંસકો (૩)
(૨) ગતિ, ઝડપ (૨)
(૩) એક પક્ષી (૩)
(૪) નયન, લોચન (૨)
(૫) બાંધેલો લોટ (૩)
(૬) વગર, સિવાય (૨)
(૭) દૂધ ઉકાળી કરાતો ઘટ્ટ પદાર્થ (૨)
(૯) ગુનાસર દંડરૂપે કબજે કરેલુ (૩)
(૧૧) ઓડકાર (૩)
(૧૨) વખાણ, પ્રશંસા (૨)
(૧૩) નરઘા ઉપર જોરથી દેવાતો તાલ (૨)
(૧૪) વેદના અંગોમાનું એક (૩)
(૧૬) પદાર્થ, ચીજ (૨)
(૧૮) કપનો સાથીદાર (૩)
(૧૯) લક્ષ, એકાગ્રતા (૨)
(૨૨) દયા......ને ખાય (૩)
(૨૩) મોટી નદી (૨)
(૨૪) ધંધો, રોજગાર (૩)
(૨૫) એક ખાટુ ફળ (૩)

## શબ્દ સંજોગ-૨૧૭૩ જવાબ

**આડી ચાવી** : (૧) લાઈફ (૩) લાદી (૫) લાછો (૭) ઈજા (૮) આદેશ (૯) ગોર (૧૦) લાજમ (૧૨) જત (૧૪) વક્તુંડ (૧૭) આગમન (૧૯) ગમ (૨૧) ગવરી (૨૩) મગ (૨૪) ઉબકો (૨૫) સાવ (૨૭) ઉજડ (૨૯) ડગર (૩૦) નમકો (કોમન).

**ઉભી ચાવી** : (૧) લાઈલાજ (૨) ઈજાજત (૩) લાદેડો (૪) દીશ (૫) લાગો (૬) છોર (૧૧) ચક્ર (૧૩) લાગવગ (૧૪) વન (૧૫) તુંગ (૧૬) ડમરો (૧૭) આગમ (૧૮) મરી (૨૦) વલસાડ (૨૨) સબડકો (૨૪) ઉજમ (૨૬) વગ (૨૭) ઉન (૨૮) સોજ.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

| રાજકોટ | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૫૫૫ | ૧૭૫૦ |
| ઘઉં લોકવન | ૪૪૦ | ૪૯૦ |
| ઘઉં ટુકડા | ૪૩૦ | ૬૦૫ |
| જુવાર સફેદ | ૮૫૪ | ૧૦૦૦ |
| જુવાર લાલ | ૯૮૦ | ૧૧૯૦ |
| જુવાર પીળી | ૪૦૦ | ૪૬૦ |
| તુવેર | ૧૩૮૦ | ૧૫૯૦ |
| ચણા પીળા | ૯૪૧ | ૧૦૮૦ |
| ચણા સફેદ | ૧૨૧૧ | ૧૮૩૨ |
| અડદ | ૧૩૦૦ | ૧૭૩૪ |
| મગ | ૧૧૫૦ | ૨૦૯૦ |
| વાલ દેશી | ૬૦૦ | ૧૩૭૫ |
| વટાણા | ૭૪૦ | ૧૨૫૦ |
| કળથી | ૩૦૦ | ૩૫૧ |
| રાજમા | ૯૧૦ | ૨૧૦૦ |
| સીંગદાણા | ૧૭૮૦ | ૨૦૬૪ |
| મગફળી જાડી | ૧૩૮૦ | ૧૫૭૫ |
| મગફળી જીણી | ૧૩૫૦ | ૧૬૪૦ |
| તલી | ૧૮૫૦ | ૨૪૦૦ |
| એરંડા | ૧૧૫૦ | ૧૨૬૧ |
| અજમો | ૧૫૦૦ | ૧૫૦૦ |
| સુવા | ૧૩૭૫ | ૧૬૦૦ |
| સીંગફાડા | ૧૪૦૦ | ૧૯૦૦ |
| કાળા તલ | ૧૨૦૦ | ૩૯૦૦ |
| લસણ | ૮૫૧ | ૧૬૦૦ |
| ધાણા | ૨૧૦૦ | ૨૬૦૦ |
| મરચા સુકા | ૨૦૦૦ | ૬૬૫૦ |
| ધાણી | ૨૩૦૦ | ૩૧૦૦ |
| વરીયાળી | ૧૪૦૦ | ૨૪૦૦ |
| જીરૂ | ૩૭૫૦ | ૪૨૭૫ |
| રાય | ૧૦૦૦ | ૧૫૮૦ |
| મેથી | ૧૧૦૦ | ૧૫૧૦ |
| ઇસબગુલ | ૧૮૫૧ | ૧૮૫૧ |
| અશેરીયો | ૯૪૫ | ૧૦૦૦ |
| કલોંજી | ૨૧૫૦ | ૩૦૧૫ |
| રાયડો | ૯૯૦ | ૧૨૮૫ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| કેરી કાચી | ૫૧૬ | ૮૨૩ |
| લીંબુ | ૧૪૨૮ | ૨૭૩૯ |
| સાકરટેટી | ૧૩૧ | ૨૯૬ |
| તરબુચ | ૧૫૪ | ૩૦૩ |
| પપૈયા | ૬૮ | ૧૩૯ |
| બટેટા | ૯૭ | ૨૪૮ |
| ડુંગળી સુકી | ૫૧ | ૨૨૧ |
| ટમેટા | ૧૧૮ | ૨૩૧ |
| સુરણ | ૮૧૪ | ૧૦૩૮ |
| કોથમરી | ૧૧૨ | ૨૧૪ |
| સકરીયા | ૨૦૮ | ૪૦૨ |
| મુળા | ૪૧૧ | ૬૦૬ |
| રીંગણા | ૧૨૩ | ૨૫૩ |
| કોબીજ | ૬૨ | ૧૦૧ |
| ફ્લાવર | ૨૪૩ | ૩૭૯ |
| ભીંડો | ૫૨૪ | ૭૮૧ |
| ગુવાર | ૫૩૧ | ૮૧૩ |
| ચોળાસીંગ | ૪૫૩ | ૬૭૨ |
| વાલોળ | ૩૬૯ | ૫૫૬ |
| ટીંડોળા | ૪૨૧ | ૮૨૯ |
| દુધી | ૧૬૨ | ૨૪૯ |
| કારેલા | ૩૦૪ | ૪૫૧ |
| સરગવો | ૨૨૧ | ૪૩૧ |
| તુરીયા | ૩૫૨ | ૬૩૩ |
| પરવર | ૬૨૫ | ૮૪૮ |
| કાકડી | ૧૫૨ | ૩૧૧ |
| ગાજર | ૧૪૯ | ૨૫૩ |
| વટાણા | ૮૨૭ | ૧૨૨૮ |
| ગલકા | ૨૭૯ | ૪૦૬ |
| બીટ | ૬૫ | ૧૨૬ |
| મેથી | ૧૬૬ | ૨૫૨ |
| વાલ | ૭૧૪ | ૯૩૩ |
| ડુંગળી લીલી | ૧૯૧ | ૩૧૨ |
| આદુ | ૧૦૨૯ | ૧૨૧૫ |
| મરચા લીલા | ૪૧૧ | ૬૦૬ |
| લસણ લીલું | ૧૦૩૧ | ૧૪૧૬ |
| મકાઇ લીલી | ૧૦૭ | ૧૮૨ |

| ગોંડલ | | |
|---|---|---|
| કપાસ | ૧૨૬૧ | ૧૭૪૬ |
| ઘઉં લોકવન | ૪૫૧ | ૬૦૧ |
| ઘઉં ટુકડા | ૪૨૬ | ૮૬૨ |
| મગફળી જીણી | ૧૧૨૧ | ૧૬૧૬ |
| સિંગ ફાડીયા | ૧૪૧૧ | ૧૯૭૧ |
| એરંડા / એરંડી | ૧૧૫૧ | ૧૨૮૬ |
| જીરૂ | ૨૦૦૦ | ૪૩૨૧ |
| ક્લંજી | ૧૦૦૦ | ૩૦૮૧ |
| વરીયાળી | ૯૨૬ | ૧૮૦૧ |
| ધાણા | ૧૭૫૧ | ૨૫૫૧ |
| મરચા સૂકા પટ્ટો | ૧૪૦૧ | ૧૦૫૦૧ |
| લસણ સુકું | ૬૫૧ | ૧૫૪૧ |
| ડુંગળી લાલ | ૪૧ | ૨૩૬ |
| અડદ | ૧૦૦૦ | ૧૭૫૧ |
| તુવેર | ૧૦૦૦ | ૧૫૮૧ |
| રાયડો | ૮૭૬ | ૧૨૫૧ |
| રાય | ૧૨૨૧ | ૧૪૫૧ |
| મેથી | ૬૦૦ | ૧૪૯૧ |
| કાંગ | ૫૭૧ | ૫૭૧ |
| સુરજમુખી | ૬૭૬ | ૧૪૫૧ |
| મરચા | ૧૬૦૧ | ૭૩૦૧ |
| મગફળી જાડી | ૧૧૧૧ | ૧૬૭૧ |
| સફેદ ચણા | ૧૧૫૧ | ૧૮૦૧ |
| મગફળી ૬૬ | ૧૪૧૬ | ૧૬૧૬ |
| તલ - તલી | ૧૪૫૦ | ૨૨૮૧ |
| ધાણી | ૧૮૫૧ | ૩૦૨૬ |
| ડુંગળી સફેદ | ૧૮૧ | ૨૪૬ |
| બાજરો | ૨૮૧ | ૨૮૧ |
| જુવાર | ૫૧૧ | ૧૦૪૧ |
| મકાઇ | ૩૨૧ | ૩૨૧ |
| મગ | ૧૨૦૧ | ૨૦૬૧ |
| ચણા | ૯૧૬ | ૧૦૮૧ |
| વાલ | ૩૫૧ | ૧૦૫૧ |
| ચોળા / ચોળી | ૫૦૦ | ૫૦૦ |
| સોયાબીન | ૯૭૧ | ૧૧૦૧ |
| ગોગળી | ૧૦૦૦ | ૧૨૦૦ |
| વટાણા | ૫૦૧ | ૧૦૦૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટટમેટા | ૬૦ | ૩૦૦ |
| મરચા | ૨૦૦ | ૧૬૦૦ |
| ગુવાર | ૨૦૦ | ૧૪૦૦ |
| કોબી | ૪૦ | ૨૦૦ |
| દુધી | ૬૦ | ૨૪૦ |
| ફ્લાવર | ૫૦ | ૩૦૦ |
| કાકડી | ૧૦૦ | ૫૦૦ |
| રીંગણા | ૧૦૦ | ૫૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૮૦૦ |
| ગલકા | ૨૦૦ | ૫૦૦ |
| ગાજર | ૧૬૦ | ૪૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૮૦૦ |
| વાલ | ૬૦૦ | ૧૪૦૦ |
| વટાણા | ૨૦૦ | ૧૬૦૦ |
| શક્કરીયા | ૨૦૦ | ૩૬૦ |
| કેરી કાચી | ૪૦૦ | ૧૨૦૦ |
| બટેટા | ૧૬૦ | ૨૫૦ |
| ડુંગળી પુરા | ૩ | ૬ |
| તાંજરીયા પુરા | ૧ | ૨ |
| કોથમીર પુરા | ૧ | ૨ |
| મૂળા પુરા | ૩ | ૪ |
| ફોદીનો પુરા | ૧ | ૨ |
| ગુંદા | ૫૦૦ | ૧૨૦૦ |
| nariyel | ૪૦૦ | ૫૦૦ |
| ઘીસોડા | ૨૦૦ | ૬૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૩૦૦૦ |
| મેથી પુરા | ૧ | ૫ |
| બીટ પુરા | ૮ | ૧૦ |
| સરગવો પુરા | ૧૫ | ૩૦ |
| ચોરા | ૨૦૦ | ૧૦૦૦ |
| કારેલા | ૨૦૦ | ૮૦૦ |
| કાચા પોપૈયા | ૬૦ | ૧૪૦ |
| આદુ | ૨૦૦ | ૧૨૦૦ |
| ફણશી | ૧૬૦૦ | ૨૦૦૦ |
| મકાઈ ડોડા | ૨૦૦ | ૩૦૦ |
| લસણ પુરા | ૩ | ૫ |
| પાલક પુરા | ૧ | ૨ |

| અમરેલી | | |
|---|---|---|
| શિંગ મઠડી | ૧૪૫૦ | ૧૪૫૦ |
| શિંગ ગીરનાર | ૧૪૧૦ | ૧૫૦૦ |
| શિંગ મોટી | ૧૦૨૫ | ૧૫૦૦ |
| શિંગદાણા | ૧૬૭૫ | ૧૬૯૦ |
| શિંગદાણા ફાડા | ૧૩૪૦ | ૧૬૯૦ |
| તલ સફેદ | ૧૩૩૦ | ૨૩૨૦ |
| તલ કાશમીરી | ૧૮૦૦ | ૨૦૯૦ |
| બાજરો | ૨૮૫ | ૪૬૫ |
| જુવાર | ૪૦૦ | ૪૦૦ |
| ઘઉં ટુકડા | ૩૬૦ | ૬૭૦ |
| ઘઉં લોકવન | ૩૫૦ | ૫૨૦ |
| મકાઈ | ૨૨૫ | ૩૫૫ |
| અડદ | ૧૨૮૦ | ૧૨૮૦ |
| ચણા | ૭૦૫ | ૧૦૪૫ |
| ચણા દેશી | ૯૦૦ | ૧૦૮૦ |
| સફેદ ચણા | ૯૭૦ | ૧૧૮૦ |
| તુવેર | ૭૨૦ | ૧૫૧૫ |
| કપાસ | ૯૯૫ | ૧૭૯૦ |
| એરંડા | ૧૦૫૦ | ૧૨૬૫ |
| જીરૂ | ૨૦૫૦ | ૪૧૬૦ |
| રાયડો | ૧૦૩૦ | ૧૦૯૫ |
| રાય | ૧૧૦૦ | ૧૩૭૦ |
| ધાણા | ૨૦૦૦ | ૨૭૦૦ |
| ધાણી | ૧૭૮૦ | ૨૯૫૦ |
| અજમા | ૧૯૫૦ | ૨૦૧૦ |
| મેથી | ૯૦૦ | ૧૧૯૦ |
| સોયાબીન | ૭૦૦ | ૧૦૮૦ |
| મરચા લાંબા | ૧૫૫૦ | ૬૮૫૦ |
| મરચા ઘોલર | ૩૭૦૦ | ૧૦૮૦૦ |
| કાંગ | ૪૩૫ | ૫૦૦ |
| સુવાદાણા | ૧૨૩૦ | ૧૨૩૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૭૦ | ૨૫૦ |
| રીંગણા | ૩૦૦ | ૪૦૦ |
| ફ્લાવર | ૨૦૦ | ૩૦૦ |
| કોબીજ | ૧૦૦ | ૧૨૦ |
| શકકરીયા | ૩૦૦ | ૪૦૦ |
| ટમેટાં | ૧૦૦ | ૨૦૦ |
| સુરણ | ૭૫૦ | ૮૦૦ |
| ગાજર | ૨૫૦ | ૩૦૦ |
| દુધી | ૧૫૦ | ૨૦૦ |
| કારેલા | ૪૦૦ | ૫૦૦ |
| ગલકા | ૨૦૦ | ૩૦૦ |
| ગુંદા | ૬૦૦ | ૧૦૦૦ |
| કાકડી | ૨૫૦ | ૩૦૦ |
| ગુવાર | ૬૦૦ | ૯૦૦ |
| વાલ | ૭૦૦ | ૮૦૦ |
| વટાણા | ૧૧૦૦ | ૧૨૦૦ |
| ભીંડો | ૬૦૦ | ૭૦૦ |
| આદુ | ૧૧૦૦ | ૧૨૦૦ |
| કોથમીર | ૩૦૦ | ૩૮૦ |
| મેથીભાજી | ૩૦૦ | ૪૦૦ |
| ફોદીનો | ૩૦૦ | ૪૦૦ |
| ટીંડોરા | ૫૦૦ | ૬૦૦ |
| બીટ | ૨૦૦ | ૨૭૦ |
| સરગવો | ૧૬૦ | ૨૦૦ |
| લીમડો મીઠો | ૧૭૦ | ૨૧૦ |
| મરચાં લીલાં | ૬૦૦ | ૧૬૦૦ |
| ડુંગળી સુકી | ૧૦૦ | ૨૦૦ |
| લસણ સુકું | ૧૦૦૦ | ૧૬૦૦ |
| લસણ લીલું | ૯૦૦ | ૧૦૦૦ |
| પાલક | ૪૦૦ | ૫૦૦ |
| લીંબુ | ૨૦૦૦ | ૨૩૦૦ |
| મકાઈ | ૨૦૦ | ૨૮૦ |

| સાવરકુંડલા | | |
|---|---|---|
| શીંગ જીણી | ૧૩૩૦ | ૧૫૨૫ |
| શીંગ મોટી | ૧૩૦૦ | ૧૫૩૩ |
| તલ સફેદ | ૧૫૫૦ | ૨૦૨૫ |
| તલ કાળા | ૩૫૦૦ | ૪૦૦૫ |
| જીરૂ | ૩૭૫૦ | ૪૩૭૦ |
| કપાસ | ૧૫૦૦ | ૧૮૦૦ |
| ઘઉં લોકવન | ૪૦૦ | ૫૩૦ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૯૦ |
| બાજરો | ૫૦૦ | ૬૦૪ |
| જુવાર | ૬૦૦ | ૧૦૩૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૬૫ |
| દેશી ચણા | ૧૦૫૦ | ૧૧૩૧ |
| તુવેર | ૧૩૦૦ | ૧૫૦૦ |
| એરડી | ૧૨૦૦ | ૧૨૩૬ |
| મેથી | ૧૧૦૦ | ૧૨૬૬ |
| ધાણા | ૧૯૦૦ | ૨૫૫૫ |
| રાય/રાયડો | ૯૪૦ | ---- |

| બગસરા | | |
|---|---|---|
| કપાસ | ૧૨૫૦ | ૧૬૫૫ |
| ઘઉં લોકવન | ૨૮૨ | ૫૧૧ |
| ઘઉં ટુકડા | ૩૪૦ | ૪૧૪ |
| ચણા | ૯૪૦ | ૧૦૪૧ |
| ધાણા | ૧૭૦૦ | ૧૮૫૦ |
| સોયાબીન | ૫૩૫ | ૧૦૦૦ |
| તુવેર | ૭૦૦ | ૧૪૫૨ |
| ચણા સફેદ | ૮૦૦ | ૯૫૦ |
| મગફળી | ૯૯૫ | ૧૨૦ |
| મેથી | ૬૫૦ | ૧૦૦૦ |
| જુવાર | ૩૯૫ | ૯૨૫ |
| એરંડી | ૧૨૦૦ | ૧૨૩૦ |
| શીંગદાણા | ૧૨૦૦ | ૧૬૨૦ |

| ધારી | | |
|---|---|---|
| કપાસ | ૧૩૪૫ | ૧૫૦૦ |
| મગફળી | ૧૩૫૦ | ૧૪૦૦ |
| ઘઉં | ૩૩૫ | ૪૪૨ |
| ચણા | ૧૦૧૫ | ૧૦૪૩ |
| તુવેર | ૧૦૬૦ | ૧૪૬૧ |
| ધાણા | ૧૮૧૦ | ૨૫૦૦ |
| કલોજી | ૨૧૯૦ | ૨૮૦૦ |
| મેથી | ૧૦૬૧ | ૧૧૨૬ |
| સોયાબીન | ૧૦૫૧ | ૧૦૫૧ |
| રાજગરો | ૧૧૦૫ | ૧૧૦૫ |
| શીંગદાણા | ૧૫૦૦ | ૧૫૧૫ |

| ભેસાણ | | |
|---|---|---|
| કપાસ | ૧૦૦૧ | ૧૬૫૬ |
| ઘઉં | ૪૦૧ | ૪૮૫ |
| ચણા | ૮૦૧ | ૧૦૪૬ |
| તુવેર | ૧૦૦૧ | ૧૫૦૧ |
| મગફળી | ૯૦૧ | ૧૪૪૬ |
| શીંગ ફાડા | ૧૪૪૬ | ૧૪૪૬ |
| તલ સફેદ | ૨૦૮૬ | ૨૦૮૬ |
| ધાણા | ૧૨૨૧ | ૨૪૫૧ |
| સોયાબીન | ૭૦૧ | ૧૦૧૬ |

| મહુવા | | |
|---|---|---|
| શીંગ ૩૯ | ૧૩૦૦ | ૧૪૩૨ |
| શીંગ જી-૨૦ | ૧૨૫૦ | ૧૪૫૬ |
| એરંડા | ૧૧૫૦ | ૧૨૪૩ |
| જુવાર | ૩૫૧ | ૯૦૩ |
| બાજરી | ૩૦૧ | ૫૪૭ |
| ઘઉં ટુકડા | ૪૧૧ | ૬૪૭ |
| ધાણા | ૧૫૦૦ | ૨૪૪૦ |
| અડદ | ૬૦૦ | ૬૦૦ |
| મગ | ૮૫૦ | ૧૮૮૦ |
| મેથી | ૬૦૦ | ૧૨૦૦ |
| ચણા | ૭૫૧ | ૧૦૫૦ |
| તલ સફેદ | ૧૭૧૫ | ૨૩૬૧ |
| તલ કાળા | ૨૯૦૧ | ૩૧૦૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૪૨૬ |
| જીરૂ | ૩૫૫૦ | ૩૮૪૦ |
| ડુંગળી લાલ | ૬૫ | ૨૩૩ |
| ડુંગળી સફેદ | ૨૦૦ | ૨૬૦ |
| કપાસ શંકર | ૧૨૦૦ | ૨૬૬૭ |
| નાળીયેર | ૬૦૦ | ૨૫૧૦ |

| કોડીનાર | | |
|---|---|---|
| મગફળી જી-૨૦ | ૧૧૦૦ | ૧૫૨૬ |
| રાયડો | ૧૦૦૦ | ૧૨૩૨ |
| બાજરી હાઈબ્રીડ | ૩૫૦ | ૫૯૪ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૭૦ |
| ઘઉં લોકવન | ૪૦૦ | ૫૦૩ |
| રાય | ૧૨૦૦ | ૧૪૬૮ |
| મેથી | ૮૭૦ | ૧૨૯૮ |
| કાંગ | ૪૦૦ | ૫૨૪ |
| જુવાર | ૮૦૦ | ૯૫૪ |
| મગ | ૧૨૫૦ | ૧૬૫૪ |
| અડદ | ૧૨૦૦ | ૧૬૯૦ |
| ધાણા | ૧૭૦૦ | ૨૩૦૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૬૨ |
| સોયાબીન | ૯૫૦ | ૧૧૦૨ |
| એરંડી | ૧૧૮૦ | ૧૨૫૯ |
| તુવેર | ૧૧૦૦ | ૧૪૧૨ |

| ખાંભા | | |
|---|---|---|
| કપાસ | ૧૪૭૬ | ૧૬૮૧ |
| મગફળી | ૧૧૭૫ | ૧૧૭૫ |
| ચણા | ૧૦૧૯ | ૧૦૩૧ |
| તુવેર | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ધાણા | ૨૧૦૦ | ૨૧૦૦ |
| ઘઉં | ૪૯૦ | ૪૯૦ |
| બાજરો | ૪૫૦ | ૪૫૦ |

| રાજુલા | | |
|---|---|---|
| શીંગ | ૧૧૦૦ | ૧૩૬૦ |
| તલ સફેદ | ૧૬૬૦ | ૧૮૬૦ |
| કપાસ | ૧૩૦૦ | ૧૭૦૦ |
| બાજરો | ૩૦૦ | ૫૪૧ |
| ઘઉં ટુકડા | ૩૦૧ | ૫૫૧ |
| જુવાર | ૪૩૧ | ૯૮૨ |
| તુવેર | ૧૩૦૦ | ૧૩૫૧ |
| ચણા | ૭૦૦ | ૧૦૩૬ |
| જીરૂ | ૩૩૦૦ | ૩૩૦૦ |
| ધાણા | ૭૦૦ | ૧૦૩૬ |
| મેથી | ૯૦૦ | ૧૦૫૧ |
| રાય | ૮૦૦ | ૧૫૦૦ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

સહકાર શિરોમણી ઈફકોના ચેરમેન દિલીપ સંઘાણીના નેતૃત્વમાં

# ઈફકોએ વર્ષ ૨૦૨૫-૨૬માં રૂા.૪,૧૦૬ કરોડનો નફો કર્યો

અમરેલી,તા.૦૩

ઈફકોના ચેરમેન દિલીપ સંઘાણીએ જણાવ્યું હતું કે, નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ ભારતીય સહકારી આંદોલનના ઈતિહાસમાં એક સીમાચિહ્નરૂપ સાબિત થયું છે. વર્ષ ૧૯૬૭ માં માત્ર ૫૭ સહકારી મંડળીઓથી શરૂ થયેલી ઈફકોની આ સફર આજે ૩૬,૦૦૦ થી વધુ મંડળીઓ અને લાખો ખેડૂતોના અતૂટ વિશ્વાસ સુધી વિસ્તરી ચૂકી છે. વૈશ્વિક સ્તરે બીજા ક્રમની સૌથી મોટી સહકારી સંસ્થા તરીકે પોતાને સ્થાપિત કરવી એ માત્ર એક સિદ્ધિ નથી, પરંતુ ભારતીય સહકારી શક્તિનો એક જીવંત પુરાવો છે. આ સુવર્ણ વર્ષમાં ઈફકોએ રૂપિયા ૪,૧૦૬ કરોડથી વધુનો સર્વકાલીન રેકોર્ડ નફો હાંસલ કર્યો છે. આ ઐતિહાસિક સિદ્ધિ ફક્ત આંકડાઓની જ વાર્તા નથી, પરંતુ દેશના ખેડૂતોની સખત મહેનત, સંસ્થાના કર્મચારીઓના સમર્પણ અને સહકારના સાચા મૂલ્યોની વિજયગાથા છે. ઈફકોએ ઉત્પાદન અને વેચાણના ક્ષેત્રમાં પણ અનેક નવા રેકોર્ડ પ્રસ્થાપિત કર્યા છે. દેશભરમાં ૧૧૮.૭૫ લાખ મેટ્રિક ટન ખાતરનું રેકોર્ડ બ્રેક વેચાણ અને ૧૧૯.૬૮ લાખ મેટ્રિક ટનનો પુરવઠો એ સાબિત કરે છે કે ખેડૂતોની જરૂરિયાતો જ આ સંસ્થાની સર્વોચ્ચ પ્રાથમિકતા છે. યુરિયા અને ડીએપીના સતત વધતા વેચાણથી કૃષિ ક્ષેત્રમાં ઈફકોની મુખ્ય ભૂમિકા વધુ મજબૂત બની છે. આ સાથે જ ખેડૂતોમાં નેનો ખાતરોની લોકપ્રિયતા પણ ખૂબ ઝડપથી વધી રહી છે, જેને કારણે નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં ૩૦૧ લાખથી વધુ બોટલનું વેચાણ નોંધાયું છે. નેનો યુરિયા પ્લસ, નેનો ડીએપી, નેનો ઝિંક, નેનો કોપર અને ધરમૃત જેવા ઉત્પાદનો ખેડૂતો માટે વધુ અસરકારક, પર્યાવરણને અનુકૂળ અને ખર્ચ-અસરકારક વિકલ્પો તરીકે ઉભરી આવ્યા છે. નેનો એનપીકે લિક્વિડ અને નેનો એનપીકે ગ્રેન્યુલરને ખાતર નિયંત્રણ આદેશ હેઠળ સૂચિત કરવામાં આવ્યા છે, જે વિશ્વમાં આ



પ્રકારનો પ્રથમ કિસ્સો છે. આ તમામ ઉત્પાદનોનો ઉપયોગ પાંદડા પર છંટકાવ તરીકે અને માટીમાં સીધા ઉપયોગ તરીકે થઈ શકે છે, જે પોષક તત્વોની કાર્યક્ષમતામાં વધારો કરે છે અને પર્યાવરણ પર હકારાત્મક અસર છોડે છે.નેનો ટેકનોલોજીનો વિસ્તાર કરવા માટે ઈફકોએ બેંગલુરુના દેવનહલ્લીમાં પોતાના ચોથા નેનો ખાતર પ્લાન્ટનું ઉદ્ઘાટન કર્યું છે, જેનાથી ઈફકોની કુલ ઉત્પાદન ક્ષમતા હવે દરરોજ આશરે ૯.૫ લાખ બોટલ જેટલી થઈ ગઈ છે. કોઈમ્બતુરમાં આવેલું નેનો ઈનોવેશન સેન્ટર સંશોધન અને ટેકનોલોજીના વિકાસ માટે એક મહત્વપૂર્ણ પ્લેટફોર્મ બની રહ્યું છે. આજે ઈફકોની ઉપસ્થિતિ ફક્ત ભારત પૂરતી મર્યાદિત નથી રહી પરંતુ તે ૪૦ થી વધુ દેશોમાં પોતાની વિશિષ્ટ સેવાઓ અને ઉત્પાદનો પ્રદાન કરી રહ્યું છે. બ્રાઝિલમાં નેનો ખાતર ઉત્પાદન માટે સંયુક્ત સાહસ સ્થાપિત કરવા માટે પણ સક્રિય કામ ચાલી રહ્યું છે, જે ભારતીય નેનો ટેકનોલોજીને વૈશ્વિક મંચ પર એક નવી ઓળખ અપાવશે. ચેરમેન દિલીપ સંઘાણીએ સ્પષ્ટ કર્યું કે ખેડૂતોની સમૃદ્ધિ જ રાષ્ટ્રીય સમૃદ્ધિનો અસલ પાયો છે. આ પ્રસંગે તેમણે દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહ અને અન્ય મંત્રીઓનો તેમના અમૂલ્ય માર્ગદર્શન બદલ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

નિષ્ણાંત ડો. મહર્ષિ ત્રિવેદી દ્વારા માર્ગદર્શન, આધુનિક સારવાર હવે સ્થાનિક સ્તરે ઉપલબ્ધ

# રાજકોટમાં બાળકોના કેન્સર માટે વિશેષ સારવાર વિભાગ શરૂ

રાજકોટ,તા.૦૩

રાજકોટમાં કેન્સર સારવાર ક્ષેત્રે એક મહત્વપૂર્ણ પગલું ભરાયું છે. રાજકોટ કેન્સર સોસાયટી હેઠળ બાળકોમાં થતા કેન્સર અને લોહી સંબંધિત ગંભીર રોગોની સારવાર માટે વિશેષ પીડિયાટ્રિક હેમેટોલોજી અને ઑન્કોલોજી વિભાગ શરૂ કરવામાં આવ્યો છે. આ વિભાગમાં નિષ્ણાત ડૉ. મહર્ષિ ત્રિવેદી દ્વારા માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે, જેમને દેશમાં અને વિદેશમાં વિશાળ અનુભવ છે. આ નવી સુવિધાથી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તારમાં રહેતા દર્દીઓને હવે



અમદાવાદ અથવા અન્ય શહેરોમાં જવાની જરૂર રહેશે નહીં. અહીં લ્યુકેમિયા, લિમ્ફોમા, સોલિડ ટ્યુમર, થેલેસેમિયા અને અન્ય જટિલ રોગોની આધુનિક સારવાર ઉપલબ્ધ બનશે. સાથે જ ભવિષ્યમાં બોન મેરો ટ્રાન્સપ્લાન્ટ જેવી ઉચ્ચ સ્તરની સારવાર પણ શરૂ કરવાની યોજના છે.

વિભાગમાં આધુનિક સાધનો અને અનુભવી તબીબી ટીમ સાથે સર્વાંગી સારવાર આપવામાં આવશે. કેન્સરને લગતા આ રોગના પહેલથી દર્દીઓ અને તેમના પરિવારજનો પરનો આર્થિક અને માનસિક ભાર ઓછો થશે તથા સમયસર તેનો નિદાન અને સારવારથી જીવનની ગુણવત્તામાં સુધારો થશે.

રાજકોટ કેન્સર સોસાયટી દ્વારા મહત્વપૂર્ણ પગલું ભરાયું

# અમદાવાદ ભાજપમાં 'નો રિપીટ થિયરી'થી ફફડાટ

અમદાવાદ,તા.૦૩

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ જાહેર થતાં જ અમદાવાદના રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. સત્તાધારી ભાજપ પક્ષ દ્વારા ઉમેદવારોની પસંદગી માટે આ વખતે અત્યંત કડક નિયમો બનાવવામાં આવ્યા છે. આ આકરા નિયમોને કારણે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) ના ૪૦ થી વધુ વર્તમાન કોર્પોરેટરોની ટિકિટ કપાય તેવા સ્પષ્ટ સંકેતો મળી રહ્યા છે.પક્ષ હાઈકમાન્ડે ટિકિટ આપવા માટે ત્રણ મુખ્ય માપદંડો નક્કી કર્યા છે જેમાં ૧. ૬૦ વર્ષથી વધુ ઉંમરના વ્યક્તિને ટિકિટ નહીં મળે.૨. સતત ત્રણ ટર્મથી ચૂંટણી લડનારાઓને આરામ આપવામાં આવશે.૩. પરિવારવાદ રોકવા



માટે એક પરિવારમાંથી માત્ર એક જ વ્યક્તિને ટિકિટ અપાશે.

આ ઉપરાંત, ઉમેદવારી ફોર્મમાં સોશિયલ મીડિયા ફોલોઅર્સની સંખ્યા પણ મંગાવવામાં આવી છે. ભાજપ છેલ્લા ૨૧ વર્ષથી અમદાવાદ મનપામાં સત્તા સ્થાને છે. આથી, એન્ટી-ઈન્કમ્બન્સી (શાસન વિરોધી લહેર) રોકવા અને નવા યુવા ચહેરાઓને તક આપવા માટે પક્ષ આ વખતે કોઈ પણ પ્રકારનું જોખમ લેવા માંગતો નથી.

# જસદણમાં મહિલા કોર્પોરેટર પર હુમલો: સામસામી ફરિયાદે સાત સામે ગુનો નોંધાયો

જસદણ,તા.૦૩

જસદણ નગરપાલિકાની મહિલા કોર્પોરેટર પર પાડોશીઓ સાથે થયેલા શ્વાન મુદ્દાના વિવાદે ઉગ્ર સ્વરૂપ ધારણ કરતાં બંને પક્ષે ગંભીર આરોપો સાથે સામસામી ફરિયાદ નોંધાઈ છે. પોલીસ મુજબ કોર્પોરેટરે ફરિયાદમાં જણાવ્યું કે પાડોશીઓએ ઈંટ વડે હુમલો કરી તેમને નિર્વસ્ત્ર કરવાની કોશિશ કરી અને



જાનથી મારી નાખવાની ધમકી આપી. બીજી તરફ સામાપક્ષે આરોપ મૂક્યો કે કોર્પોરેટર તથા તેમના પરિવારજનોએ ઝપાઝપી દરમિયાન પથ્થરમારો કરી મહિલાઓ સાથે દુર્વ્યવહાર કર્યો અને કપડા ઉતારવાનો પ્રયાસ કર્યો. બંને પક્ષ વચ્ચે અગાઉ પણ રખડતા કુતરાના મુદ્દે બોલાચાલી થઈ હતી, જેના કારણે મનદુઃખ વધ્યું હોવાનું સામે આવ્યું છે. બનાવ દરમિયાન આસપાસના લોકો ભેગા થતાં વધુ અનિચ્છનીય ઘટના ટળી હતી. જસદણ પોલીસે બંને પક્ષના કુલ સાત શખ્સો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ઉનામાં ભાજપની સેન્સ પ્રક્રિયા શરૂ, સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણી માટે ટિકિટ ઈચ્છુકોમાં ભારે ઉત્સાહ

ઉના,તા.૦૩

સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણીની તારીખો જાહેર થતાં ઉનામાં ભાજપ દ્વારા ટિકિટ ઈચ્છુકો માટે સેન્સ પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. સોમનાથબાગ ખાતે યોજાયેલી આ પ્રક્રિયામાં સવારથી જ કાર્યકરો અને દાવેદારોની મોટી ભીડ જોવા મળી હતી.

આ પ્રક્રિયા માટે નિરીક્ષકો તરીકે પી.સી. બરંડા, મહેન્દ્ર



તસવીર : કૈલાશ ભટ્ટ

પટેલ અને ચંદ્રિકાબેન લીંબાસીયા હાજર રહ્યા હતા. સવારના સત્રમાં કોડીનાર તાલુકા પંચાયતની ૨૪ અને જિલ્લા પંચાયતની ૫ બેઠકો માટેના દાવેદારોની વિગતો લેવામાં આવી હતી. બપોર બાદ ગીરગઢડા તાલુકા પંચાયતની ૨૦ અને જિલ્લા પંચાયતની ૪ બેઠકો માટે દાવેદારો હાજર રહ્યા હતા.

જિલ્લા પ્રભારી ભાવનાબેન હિરપરાએ પ્રક્રિયાની પારદર્શિતાની ખાતરી વ્યક્ત કરી અને ભાજપના વિજયનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. આવતીકાલે ઉના તાલુકા પંચાયત ની ૨૬ અને જીલ્લા પંચાયતની ૭ બેઠકો તેમજ નગરપાલિકા ની ૩૬ બેઠકો માટે દાવેદારો માટે સેન્સ પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

# જસદણ-વિંછીયામાં ભરવાડ-રબારી સમાજની પ્રતિનિધિત્વની માંગ

રાજકીય ભાગીદારી માટે રજૂઆત, ઉમેદવારોના નામો પણ સૂચવ્યા

જસદણ,તા.૦૩

જસદણ ખાતે ભરવાડ-રબારી સમાજ એકતા સંગઠન સમિતિ દ્વારા ભાજપ સંગઠન સમક્ષ મહત્વપૂર્ણ રજૂઆત કરવામાં આવી હતી. જિલ્લા ભાજપ કાર્યાલયે સમાજના આગેવાનોએ કેબિનેટ મંત્રી કુંવરજી બાવળીયા સહિત નેતાઓને પત્ર આપ્યો



હતો. રજૂઆતમાં જણાવાયું કે સમાજનું મતદાન પ્રભાવશાળી હોવાથી યોગ્ય પ્રતિનિધિત્વ જરૂરી છે. એક જિલ્લા પંચાયત અને પાંચ તાલુકા પંચાયત બેઠકો માટે ટિકિટની માંગ સાથે સંભવિત ઉમેદવારોના નામો પણ રજૂ કરાયા. સંગઠનમાં સમાજને યોગ્ય સ્થાન આપવા પણ માંગ ઉઠી છે.

# કચ્છ જિલ્લામાં બે અલગ-અલગ અકસ્માતમાં બેના મોત

ભુજ,તા.૦૩

કચ્છ જિલ્લામાં સર્જાયેલા બે અલગ-અલગ અકસ્માતોમાં બે આશાસ્પદ લોકોના અકાળે મોત નીપજ્યા છે. પ્રાપ્ત વિગતો અનુસાર, નખત્રાણા તાલુકાના નિરોણા ગામે આવેલા લયવારા વાસમાં એક અકસ્માતનો બનાવ બન્યો હતો. જેમાં કાનજી સામતભાઈ આહીર નામનો ૨૫ વર્ષીય યુવક પોતાની બાઈક પુરઝડપે ચલાવીને જઈ રહ્યો હતો, ત્યારે બાઈક પરનો કાબૂ ગુમાવતા તે વીજપોલ સાથે જોરદાર અથડાયો હતો. તેને તાત્કાલિક સારવાર અર્થે ભુજની જી.કે. જનરલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, જ્યાં તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. બીજી તરફ, અબડાસા તાલુકાના ભવાનીપર નજીક એક અર્ટિગા કારે બાઈકને અડફેટે લેતા અકસ્માત સર્જાયો હતો. આ ટક્કરમાં ગંભીર રીતે ઘવાયેલા વૃધ્ધ બાઈક ચાલકનું પણ કરૂણ મોત નીપજ્યું હતું.

# ગોંડલ પોલીસે ગુમ થયેલા ૨૪ મોબાઈલ શોધી મૂળ માલિકોને પરત સોંપ્યા

ગોંડલ,તા.૦૩

ગોંડલ સીટી બી-ડિવિઝન પોલીસે ટેકનોલોજીના માધ્યમથી પોલીસે ૨૪ જેટલા ગુમ થયેલા મોબાઈલ ફોન શોધી કાઢી તેના અસલી માલિકોને મોબાઈલ પરત કર્યા છે . ગોંડલ બી-ડિવિઝન પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર જે.પી. રાવ અને તેમની ટેકનિકલ ટીમ દ્વારા વર્ષ ૨૦૨૬ દરમિયાન ગુમ થયેલા કે ચોરી થયેલા મોબાઈલ બાબતે ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરવામાં આવી હતી. આ તપાસમાં CEIR પોર્ટલનો અસરકારક



ઉપયોગ કરી અલગ-અલગ કંપનીના મોંઘાદાટ મોબાઈલ ટ્રેસ કરવામાં આવ્યા હતા. પોલીસ દ્વારા પરત કરવામાં આવેલા મોબાઈલ મોડલ્સમાં સેમસંગ જી-૨૩, વિવો ફ-૨૯, ઓપ્પો, રેડમી અને રિયલમી જેવી જાણીતી બ્રાન્ડના કુલ ૨૪ ફોનનો સમાવેશ થાય છે.

# સૌરાષ્ટ્રનું અગ્રીમ ગોંડલ માર્કેટિંગ યાર્ડ ૯ દિવસના વિરામ બાદ ધમધમ્યું: વિવિધ જણસીઓની મબલખ આવક

ગોંડલ,તા.૦૩

સૌરાષ્ટ્રના અગ્રણી ગણાતા ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં માર્ચ એન્ડિંગની ૯ દિવસની રજાઓ બાદ આજથી ફરી વિવિધ જણસીઓની આવક અને હરાજીની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. વરસાદી આગાહી વચ્ચે પણ સમગ્ર સૌરાષ્ટ્રભરમાંથી ખેડૂતો પોતાની જણસી વેચવા માટે ગોંડલ યાર્ડમાં ઉમટી પડતા યાર્ડ ફરી ધમધમી ઉઠ્યું છે.



તસવીર : ભોજાણી દેવાંગ

આજથી શરૂ થયેલા કામકાજમાં ધાણા, ઘઉં, લસણ, લાલ ડુંગળી અને ચણા સહિતની જણસીઓની મોટી આવક નોંધાઈ છે.

યાર્ડમાં ખાસ કરીને ધાણાની ૧.૧૫ લાખથી વધુ ગુણીની મબલખ આવક થવા પામી હતી. હરાજીમાં ધાણાના ૨૦ કિલોના ભાવ ૧૫૦૦/- થી ૨૭૦૦/- રૂપિયા સુધી બોલાયા હતા, જ્યારે ધાણીના ભાવ ૧૮૦૦/- થી ૩૦૦૦/- રૂપિયા સુધી રહ્યા હતા. આ ઉપરાંત, ઘઉંની ૮૦ થી ૯૦ હજાર કટ્ટાની આવક નોંધાઈ હતી, જેના ૨૦ કિલોના ભાવ હરાજીમાં ૪૫૦/- થી ૬૫૦/- રૂપિયા સુધી બોલાયા હતા. અન્ય જણસીઓમાં લસણના ૧૨,૦૦૦ કટ્ટા, ડુંગળીના ૧૨,૦૦૦ કટ્ટા અને ચણાના ૩૦,૦૦૦ કટ્ટાની આવક થઈ હતી.

# કોડિનારમાં વિશ્વ ઓટિઝમ જાગૃતિ દિવસની ઉજવણીમાં

કોડીનાર,તા.૦૩

કોડિનારમાં જીવનદીપ હેલ્થ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા વિશ્વ ઓટિઝમ જાગૃતિ દિવસ નિમિતે દિવ્યાંગજનો અને તેમના વાલીઓ માટે ઓટિઝમ અંગે જાગૃતિ કાર્યક્રમ તેમજ સહાયક ઉપકરણો વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. આ તકે જિલ્લા સિવિલ હોસ્પિટલ ગીર સોમનાથના મનોચિકિત્સક વિભાગના નમ્રતાબેન, તાલુકા હેલ્થ ઓફિસર ડૉ. મહેશભાઈ પઢિયાર, સંસ્થાના ઉપપ્રમુખ સીદીભાઈ ચુડાસમા, દિશા કમ વિકાસ ડે કેર સેન્ટર કોડીનારના કોઓર્ડિનેટર આરીફભાઈ ચાવડા,




તસવીર : ધર્મેશ પાઠક

સામાજિક કાર્યકર દિનેશભાઈ બાંભણિયા જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી કચેરીના સહાયક તનવીરભાઈ ચાવડા ઉપસ્થિત રહ્યા હતા. આરીફભાઈ ચાવડાએ સંસ્થાની પ્રવૃત્તિઓ અંગે માહિતી આપી અને ઓટિઝમ અંગે જાગૃતિ ફેલાવવાનો હેતુ સમજાવ્યો હતો. નમ્રતાબેને જણાવ્યું હતું કે, ઓટિઝમ ધરાવતા બાળકોમાં સમયસર લક્ષણો ઓળખી શકાય છે જેથી તેની વહેલી સારવાર મળી શકે છે. તેમને શિક્ષણ, રોજગાર અને સમાજમાં સમાન તક આપવામાં આવે છે. ડૉ. મહેશભાઈ પઢિયારે ઓટિઝમ સાથે HPV વેક્સિન અંગે માહિતી આપી હતી. દિવ્યાંગજનોને મોટરાઈઝ ટ્રાઈસિકલ, મોટરાઈઝ્ડ જોયસ્ટિક વ્હીલચેર અને બૌદ્ધિક દિવ્યાંગ બાળકો માટે એજ્યુકેશનલ TLM કિટ સહિતના સહાયક સાધનોનું વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા તનવીરભાઈ ચાવડા, એ.ડી. જાદવ, ડૉ. ભરતભાઈ રાઠોડ, ડૉ. નિકુંજભાઈ ચુડાસમા, નાઝીમાબેન જુણેજા, વિપુલભાઈ સોલંકી અને રાકેશભાઈ બેરડીયા સહિત સંસ્થાના સ્ટાફ-કાર્યકરોએ મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું.

# બિહારમાં ઝેરી દારૂ પીવાથી અત્યાર સુધીમાં ચાર લોકોના મોત, અનેક ગંભીર

પટણા તા. ૦૩

મોતિહારીના રઘુનાથપુર પોલીસ સ્ટેશન હેઠળના બાલગંગા ગામમાં ઝેરી દારૂ પીવાથી મોતના કિસ્સા સતત વધી રહ્યા છે. ગઈકાલે ચંદુ નામના વ્યક્તિનું મોત થયું હતું, જ્યારે આજે વધુ ત્રણ દર્દીઓ—પ્રમોદ યાદવ, પરીક્ષણ માંઝી અને હીરાલાલ મહતોએ સારવાર દરમિયાન દમ તોડ્યો છે. આ સાથે જ કુલ મૃત્યુઆંક વધીને ૪ થયો છે.



સૂત્રોના જણાવ્યા મુજબ, હજુ પણ અનેક લોકો ગંભીર છે અને બદનામીના ડરે ખાનગીમાં સારવાર કરાવી રહ્યા છે. ઝેરી દારૂના સેવનથી એક વ્યક્તિએ આંખોની રોશની પણ ગુમાવી છે.

તબીબોના જણાવ્યા મુજબ, આ પ્રકારના કેમિકલયુક્ત દારૂના કારણે સૌથી પહેલા આંખોની દૃષ્ટિ પર ગંભીર અસર થાય છે.

આ ઘટના બાદ ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકોનો આરોપ છે કે વિસ્તારમાં લાંબા સમયથી ગેરકાયદેસર દારૂનો વેપાર ચાલે છે. તંત્રએ આ મામલે કડક પગલાં લેતા ચોકીદાર ભરત રોયની ધરપકડ કરી છે અને બેદરકારી બદલ તુર્કૌલિયાના પોલીસ સ્ટેશન ઈન્ચાર્જ ઉમાશંકર માંઝીને સસ્પેન્ડ કર્યા છે. પોલીસે એફઆઈઆર નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

# એરલાઈન્સે ભાડામાં વધારો કરતા કેન્દ્ર સરકાર હસ્તક્ષેપ કરવાની તૈયારીમાં

નવી દિલ્હી,તા.૦૩

એવિએશન ટર્બાઈન ફ્યુઅલ એટલે કે ATFના ભાવમાં તાજેતરના વધારા પછી ઘણી એરલાઈન્સે ફ્યુઅલ સરચાર્જ વધાર્યો છે. આનાથી મુસાફરો પર વધતા બોજને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકાર હવે આ મામલે હસ્તક્ષેપ કરવાની તૈયારીમાં છે. NDTVના એક રિપોર્ટ અનુસાર, સરકાર ટૂંક સમયમાં એરલાઈન્સ સાથે મીટિંગ કરી શકે છે જેથી સામાન્ય લોકોને



મોંઘા પ્રવાસમાંથી રાહત મળી શકે. સરકારે હજુ સુધી કોઈ લેખિત નિર્દેશ જારી કર્યો નથી, પરંતુ એરલાઈન્સ પાસેથી તેમની પ્રાઈસિંગ સ્ટ્રેટેજી અંગે સ્પષ્ટતા માંગવામાં આવી રહી છે. અધિકારીઓનું કહેવું છે કે સરકારનો મુખ્ય ઉદ્દેશ્ય એ સુનિશ્ચિત કરવાનો છે કે મુસાફરોના ભાડામાં વધારો ન થાય.સરકારે એવિએશન સેક્ટરને સપોર્ટ આપવા માટે ભાવમાં કુલ ૨૫%ના વધારાની મંજૂરી આપી હતી. જોકે, સામાન્ય મુસાફરોને રાહત આપવા માટે ઘરેલું ઓપરેશન્સ માટે અસરકારક વધારાને લગભગ ૮.૫% સુધી જ મર્યાદિત રાખવામાં આવ્યો હતો. જ્યારે ઈન્ટરનેશનલ ઓપરેશન્સ અને ચાર્ટર્ડ ફ્લાઈટ્સ માટે ATFના ભાવ લગભગ બમણા થઈ ગયા છે. તે રૂ. ૯૬,૬૩૮.૧૪ પ્રતિ કિલોલીટરથી વધીને રૂ.૨,૦૭,૩૪૧.૨૨ પ્રતિ કિલોલીટર પર પહોંચી ગયો છે.

# દિલ્હી સરકારને દારૂ નીતિમાં સુધારો કરવા વિધાનસભાનો નિર્દેશ

નવી દિલ્હી, તા. ૦૩


દિલ્હીમાં દારૂના નિયમન અને પુરવઠા પર 'કેગ' ના ઓડિટ અહેવાલ બાદ વિધાનસભા સચિવાલયે સંબંધિત વિભાગોને સમિતિની ભલામણોની સમીક્ષા કરવાનો આદેશ આપ્યો છે. વિધાનસભા દ્વારા ૩૧ ડિસેમ્બર, ૨૦૨૬ સુધીની સ્થિતિના આધારે એક કાર્યવાહી અહેવાલ તૈયાર કરવાનો રહેશે, જે ૩૧ જાન્યુઆરી, ૨૦૨૭ સુધીમાં સુપરત કરવાનો રહેશે. વિધાનસભા અધ્યક્ષ વિજેન્દ્ર ગુપ્તાએ આબકારી પ્રણાલીની ખામીઓ પર પ્રકાશ પાડતા જણાવ્યું કે, સમયસર અને અસરકારક કાર્યવાહી સુનિશ્ચિત કરવી ખૂબ જરૂરી છે. દારૂના ઓડિટ રિપોર્ટમાં જોવા મળ્યું છે કે યોગ્ય નિયમો અને દેખરેખના અભાવે આશરે રુ. ૨,૦૨૬.૯૧ કરોડનું મહેસૂલ નુકસાન થયું છે. આગામી સુધારાના પગલાં પર ભાર મૂકતા સમિતિએ ઈ-એક્સાઈઝ પોર્ટલનો વહેલો અમલ કરવા અને આઈટી સિસ્ટમને મજબૂત કરવાની ભલામણ કરી છે.

# જમ્મુ-કાશ્મીરના ગવર્નરે ગંદરબલ એન્કાઉન્ટરની તપાસના આદેશ આપ્યા

જમ્મુ, તા. ૦૩

જમ્મુ અને કાશ્મીરના લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હાએ ગાંદરબલ જિલ્લાના અરહામા વિસ્તારમાં થયેલા એન્કાઉન્ટરની નિષ્પક્ષ મેજિસ્ટ્રેટ તપાસના આદેશ આપ્યા છે.

આ કથિત એન્કાઉન્ટરમાં ૨૯ વર્ષીય રાશિદ અહેમદ મુઘલ નામના યુવકનું મોત



નીપજ્યું હતું, જેને સેનાએ સ્થાનિક આતંકવાદી ગણાવ્યો હતો.

મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા અને પીડીપી નેતા મહેબૂબા મુફ્તીએ આ સત્તાવાર દાવા પર શંકા વ્યક્ત કરી સમયસર અને પારદર્શક તપાસની માંગ કરી છે. મૃતકના પરિવારનો દાવો છે કે રાશિદ નિર્દોષ નાગરિક હતો અને એક એનજીઓ ચલાવતો હતો.

તેના મૃતદેહને પરિવારને સોંપવાને બદલે બારામુલ્લામાં દફનાવી દેવાતા રોષ ફેલાયો છે. સાંસદ આગા સૈયદ રુહુલ્લાહે પણ પોલીસના મૌન સામે સવાલો ઉઠાવ્યા છે.

નોંધનીય છે કે, આ વિવાદ વચ્ચે પ્રશાસને ગાંદરબલના એસએસપી ખલીલ અહેમદ પોસવાલ સહિત ૮૨ પોલીસ અધિકારીઓની બદલી કરી દીધી છે. હવે સુધાંશુ ધામા ગાંદરબલના નવા એસએસપી બન્યા છે.

# માલદા જિલ્લામાં ૭ ન્યાયિક અધિકારીઓની ઘેરાબંધી અંગે ભાજપે કર્યા પ્રહારો

નવી દિલ્હી, તા. ૦૩

પશ્ચિમ બંગાળના માલદા જિલ્લામાં સાત ન્યાયિક અધિકારીઓને ૯ કલાક સુધી બંધક બનાવવાની ઘટનાને પગલે રાજકારણ ગરમાયું છે. કેન્દ્રીય મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને મમતા બેનર્જી સરકાર પર પ્રહાર કરતા કહ્યું કે, આ ઘટના રાજ્યની કાયદો અને વ્યવસ્થાના સંપૂર્ણ પતનને દર્શાવે છે.

સુપ્રીમ કોર્ટે પણ આ હુમલા અને વહીવટી તંત્રની નિષ્ક્રિયતા પર સખત નારાજગી વ્યક્ત કરી હતી. કોર્ટના કડક વલણ બાદ ચૂંટણી પંચે આ મામલાની તપાસ એનઆઈએ (NIA) ને સોંપી દીધી છે.

ઉલ્લેખનીય છે કે, માલદાના કાલિયાચક વિસ્તારમાં બ્લોક ડેવલપમેન્ટ ઓફિસમાં અસામાજિક તત્વોએ અધિકારીઓને ઘેરી લીધા હતા, જેમને મોડી રાત્રે સુરક્ષા દળોએ મુક્ત કરાવ્યા હતા. રાજ્યમાં ૨૩ અને ૨૯ એપ્રિલે ચૂંટણી યોજાવાની છે.

# ચંડીગઢમાં ભાજપ કાર્યાલય પર થયેલા ગ્રેનેડ હુમલાના આરોપીઓની ઓળખ થઈ

ચંડીગઢ, તા. ૦૩

ચંડીગઢના સેક્ટર-૩૭ સ્થિત પંજાબ ભાજપ કાર્યાલય પર થયેલા ગ્રેનેડ હુમલા કેસમાં પોલીસે બંને આરોપીઓની ઓળખ કરી લીધી છે. આ હુમલાખોરો ફતેહગઢ સાહિબના રતનગઢ ગામના રહેવાસી અમરપ્રીત ઉર્ફે અમન અને ગુરતેજ હોવાનું સામે આવ્યું છે.




હુમલા બાદ પોલીસને ગેરમાર્ગે દોરવા માટે તેઓ પગપાળા ભાગ્યા હતા અને સીટીયુની એસી બસમાં ચઢીને ખારડ ભાગી ગયા હતા. બસમાં લાગેલા સીસીટીવી કેમેરામાં તેમના ચહેરા કેદ થઈ ગયા હતા.

તપાસમાં મોટો વળાંક ત્યારે આવ્યો જ્યારે જાણવા મળ્યું કે આરોપીઓ પાસે બસની ટિકિટ માટે પૂરતી રોકડ નહોતી. તેથી એક આરોપીએ બસમાં હાજર અન્ય એક યુવકને ગુગલ પે દ્વારા રુ. ૪૦ ટ્રાન્સફર કર્યા હતા અને તેની પાસેથી રોકડા લઈને ટિકિટ ખરીદી હતી. આ ડિજિટલ ટ્રાન્ઝેક્શનથી પોલીસને આરોપીઓના મોબાઈલ નંબર અને બેંક ખાતાની વિગતો મળી ગઈ છે. પોલીસ ટૂંક સમયમાં જ તેમની ધરપકડ કરી શકે છે.

# જમ્મુ-કાશ્મીરમાં વાવાઝોડા સાથે ભારે વરસાદની આગાહી કરવામાં આવી

શ્રીનગર, તા. ૦૩

જમ્મુ અને કાશ્મીરમાં આગામી ૩૬ કલાકમાં શક્તિશાળી વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થવા જઈ રહ્યું છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આ સિસ્ટમના કારણે કેન્દ્રશાસિત પ્રદેશમાં મધ્યમથી ભારે વરસાદ પડી શકે છે. કેટલાક વિસ્તારોમાં વાવાઝોડા અને કરા પડવાની સાથે ૪૦ થી



૫૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની પણ શક્યતા છે.

આ દરમિયાન ઊંચાઈવાળા પર્વતીય વિસ્તારો અને માર્ગો જેવા કે ઝોજીલા, સિંથન ટોપ, મુઘલ રોડ, સાધના ટોપ અને રાજદાન ટોપ પર નવેસરથી હિમવર્ષા (બરફવર્ષા) થવાની સંભાવના છે.

ભારે વરસાદને પગલે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ શકે છે અને પહાડી વિસ્તારોમાં ભૂસ્ખલન તેમજ પથ્થરો પડવાનું જોખમ વધી શકે છે, જેનાથી શ્રીનગર-જમ્મુ રાષ્ટ્રીય ધોરીમાર્ગ પ્રભાવિત થઈ શકે છે.

હવામાન વિભાગે ખેડૂતોને આગામી સમયમાં કૃષિ પ્રવૃત્તિઓ સ્થગિત રાખવાની અને મુસાફરોને પોતાની યાત્રાનું આયોજન હવામાનની સ્થિતિ જોઈને જ કરવાની સલાહ આપી છે. રવિવારથી હવામાનમાં ધીમે-ધીમે સુધારો થવાની આશા છે.

# મધ્યપ્રદેશના દતિયાના ધારાસભ્ય ત્રણ વર્ષની સજા બાદ સભ્યપદ માટે ગેરલાયક

ભોપાલ, તા. ૦૩

મધ્યપ્રદેશના દતિયાથી કોંગ્રેસના ધારાસભ્ય રાજેન્દ્ર ભારતીને વિધાનસભાના સભ્યપદ માટે ગેરલાયક ઠેરવવામાં આવ્યા છે. દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટે તેમને એક કેસમાં દોષિત ઠેરવી ૩ વર્ષની જેલની સજા ફટકારી છે. લોકપ્રતિનિધિત્વ અધિનિયમ હેઠળ ૨ વર્ષ કે તેથી વધુ સજા થતાં



સભ્યપદ આપમેળે સમાપ્ત થઈ જાય છે.

રાજેન્દ્ર ભારતીએ ૨૦૨૩માં ભાજપના દિગ્ગજ નેતા નરોત્તમ મિશ્રાને હરાવ્યા હતા. વિધાનસભા સચિવાલયે દતિયા બેઠકને ખાલી જાહેર કરીને ચૂંટણી પંચને જાણ કરી છે. આ કાર્યવાહી સામે કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ જીતુ પટવારીએ ઉગ્ર વાંધો ઉઠાવ્યો છે. ભારતી ઉપરાંત પણ રાજ્યના અનેક ધારાસભ્યો હાલ કોર્ટ કેસોનો સામનો કરી રહ્યા છે.

# મુંબઈમાં મજૂરીના પૈસા માંગતા માલિકે બિહારી મજૂરની હત્યા કરી

મુંબઈ, તા. ૦૩

મુંબઈમાં શિવહરના વૈદ્યનાથપુર ગામના રહેવાસી ત્રણ ભાઈઓ પર અજાણ્યા શખ્સોએ છરી વડે હુમલો કર્યો હતો. આ હુમલામાં ધીરજ ઠાકુર નામના યુવકનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું, જ્યારે તેના બે ભાઈઓ ગંભીર રીતે ઘાયલ થયા છે.

ગુરુવારે જ્યારે ધીરજનો મૃતદેહ વતન શિવહર પહોંચ્યો ત્યારે પરિવારજનો અને ગ્રામજનોમાં ભારે રોષ ફેલાયો હતો.

રોષે ભરાયેલા લોકોએ ન્યાયની માંગ સાથે શિવહર-મુઝફ્ફરપુર સ્ટેટ હાઈવે પર લાશ મૂકીને રસ્તો જામ કરી દીધો હતો, જેના કારણે વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી. સ્થાનિક પોલીસે ઘટનાસ્થળે પહોંચી ગુસ્સે થયેલા લોકોને શાંત પાડી મામલો થાળે પાડવાનો પ્રયાસ કર્યો હતો.

# કેન્દ્ર સરકારે એનસીઈઆરટી સંસ્થાને ડીમ્ડ યુનિવર્સિટીનો વિશેષ દરજ્જો આપ્યો

નવી દિલ્હી, તા. ૦૩

કેન્દ્ર સરકારે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (UGC)ની ભલામણ પર નેશનલ કાઉન્સિલ ઓફ એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ (NCER)ને "ડીમ્ડ યુનિવર્સિટી" નો દરજ્જો આપ્યો છે. આ દરજ્જાથી સંસ્થા હવે એક સ્વતંત્ર યુનિવર્સિટી તરીકે કાર્ય કરી શકશે. જાન્યુઆરી ૨૦૨૬માં યુજીસી દ્વારા આ પ્રસ્તાવને મંજૂરી આપવામાં આવી હતી.

આ ખાસ શ્રેણી હેઠળ એનસીઈઆરટીની અજમેર, ભોપાલ, ભુવનેશ્વર, મૈસુર, શિલોંગ અને પંડિત સુંદરલાલ શર્મા વોકેશનલ સંસ્થા સહિત ૬ મુખ્ય શાખાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

જોકે, સરકારે આ સ્વાયત્તતા આપવાની સાથે કેટલીક કડક શરતો પણ મૂકી છે. એનસીઈઆરટી સરકારની મંજૂરી વગર પોતાની સંપત્તિ કે ફંડ ટ્રાન્સફર કરી શકશે નહીં. ઉપરાંત, તેણે તમામ પ્રવેશ પ્રક્રિયા અને ફીના નિયમો યુજીસીની ગાઈડલાઈન મુજબ જ રાખવાના રહેશે.

# ૬૦ દેશોની બેઠકમાં ભારત બોલ્યુ : હોર્મુઝમાં ફક્ત અમારા ખલાસીઓના થયા મોત

લંડન, તા. ૦૩

મધ્ય પૂર્વમાં ચાલી રહેલા સંઘર્ષ વચ્ચે હોર્મુઝ સ્ટ્રેટ (સમુદ્રધૂની)ને ફરીથી ખોલવા માટે બ્રિટનની પહેલ પર એક મોટી ઓનલાઈન બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ભારત સહિત ૬૦થી વધુ દેશોએ ભાગ લીધો હતો. ભારત તરફથી વિદેશ સચિવ વિક્રમ મિશ્રીએ દેશનું પ્રતિનિધિત્વ કર્યું હતું.



બેઠક દરમિયાન વિદેશ સચિવે ચિંતા વ્યક્ત કરતા જણાવ્યું કે આ કટોકટીની સીધી અસર ભારત પર પડી છે. વિદેશી જહાજો પર કામ કરતા ભારતના ત્રણ ખલાસીઓએ આ સંઘર્ષમાં જીવ ગુમાવ્યા છે. ભારતે ભારપૂર્વક જણાવ્યું કે આ વૈશ્વિક સમસ્યાનો ઉકેલ યુધ્ધથી નહીં પરંતુ માત્ર શાંતિપૂર્ણ વાતચીત અને રાજદ્વારી સંબંધોથી જ આવી શકે છે.

ઉલ્લેખનીય છે કે ઈરાન દ્વારા પર્શિયન ગલ્ફ અને ઓમાનના અખાત વચ્ચે સ્થિત હોર્મુઝ સ્ટ્રેટને બંધ કરી દેવાતા વૈશ્વિક સ્તરે તેલ અને ગેસના ભાવ આસમાને પહોંચ્યા છે. વિશ્વનો આશરે ૨૦% તેલ અને ગેસનો વેપાર આ જ સાંકડા માર્ગ પર નિર્ભર છે. યુકેના વડાપ્રધાન કીર સ્ટાર્મરની સરકારે આ સપ્લાય ચેઈન ફરી શરૂ કરવા માટે આ મહત્વની બેઠક બોલાવી હતી.

# અમેરિકી સૈન્યે હજુ સુધી ઈરાનના બાકીના લક્ષ્યો પર હુમલો કરવાનું શરૂ કર્યું નથી : ટ્રમ્પ

વોશિંગ્ટન, તા. ૦૩

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે તેમના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ટ્રુથ સોશિયલ' પર એક પોસ્ટ શેર કરીને ઈરાનને કડક શબ્દોમાં ઠપકો આપ્યો છે. ઈરાનના સૌથી મોટા પુલને મિસાઈલ હુમલામાં ઉડાવી દીધા બાદ ટ્રમ્પે ચેતવણી આપી છે કે અમેરિકન સૈન્યએ હજુ સુધી ઈરાનમાં તેના તમામ લક્ષ્યોને નષ્ટ કરવાનું શરૂ પણ કર્યું નથી.

તેમણે આગળ લખ્યું કે, "આગળનો વારો પુલ અને પાવર પ્લાન્ટ્સનો છે."

ટ્રમ્પના આ નિવેદનથી ઈરાનને 'પાષાણ યુગ' (પથ્થર યુગ)માં ધકેલી દેવાની તેમની અગાઉની ધમકીઓ ફરી જીવંત થઈ છે.

ટ્રમ્પે સ્પષ્ટ કર્યું છે કે જો ઈરાન હોર્મુઝ સ્ટ્રેટને આંતરરાષ્ટ્રીય શિપિંગ માટે ખુલ્લું નહીં કરે અને કોઈ સમજૂતી પર નહીં પહોંચે, તો આગામી બે થી ત્રણ અઠવાડિયામાં તેના પાવર પ્લાન્ટ્સ પર વિનાશક હુમલા કરવામાં આવશે.


**CHANGE OF NAME**

I hereby declare that I, Bansari Niteshbhai Kariya – Address: 201, Vraj Enclave, Ganesh Society, Chital Road, Amreli, have changed my old name and address from: Bansari Nitesh Kariya – Address: 13, Gurukrupa Apartment, Ganesh Society, Chital Road, Amreli, to: Bansari Niteshbhai Kariya – Address: 201, Vraj Enclave, Ganesh Society, Chital Road, Amreli. Henceforth, I shall be known and identified by this name and address.

**વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે રાજ્યમાં ચોમાસા જેવો માહોલ, ખેડૂતોમાં ચિંતા વધી**

# રાજયમાં કમોસમી વરસાદનો કહેર : વહેલી સવારથી મેઘરાજાની તોફાની બેટિંગ

અમદાવાદ, તા.૦૩

ગુજરાતમાં ઉનાળાની શરૂઆત સાથે જ હવામાનમાં અચાનક મોટો પલટો જોવા મળ્યો છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અને સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય બનતા રાજ્યના અનેક વિસ્તારોમાં વહેલી સવારથી જ ગાજવીજ અને તેજ પવન સાથે કમોસમી વરસાદ વરસ્યો છે. આ બદલાયેલા વાતાવરણને કારણે ચોમાસા જેવો માહોલ સર્જાયો છે, જેને લીધે સામાન્ય જનજીવન સાથે કૃષિ ક્ષેત્ર પર પણ તેની અસર જોવા મળી રહી છે.સૌરાષ્ટ્રના દરિયાકાંઠાના વિસ્તારોમાં ખાસ કરીને વરસાદી માહોલ છવાયો છે. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં વહેલી સવારથી જ આકાશ કાળા ડિબાંગ વાદળોથી છવાઈ ગયું હતું. ખંભાળિયા તાલુકામાં ૦.૧૬ ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો, જ્યારે કલ્યાણપુરમાં ૦.૧૨ ઈંચ અને ઓખા સહિત આસપાસના વિસ્તારોમાં અંદાજે ૦.૦૮ ઈંચ વરસાદ પડ્યો હતો. વરસાદના કારણે કેટલાક નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જતાં લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.પોરબંદર અને ગીર સોમનાથ જિલ્લામાં પણ સતત બીજા દિવસે વરસાદી ઝાપટાં પડતાં ઉનાળુ પાકને નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે. દરિયાકાંઠાના વિસ્તારોમાં પવન સાથે વરસાદ વરસતા માછીમારો અને સ્થાનિક લોકો સાવચેતી



રાખવા મજબૂર બન્યા છે.

રાજકોટમાં બપોરના સમયે અચાનક પવનની ગતિ તેજ બની હતી. અંદાજે ૩૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાતા ધૂળની ડમરીઓ ઉડી હતી અને વાતાવરણ ધૂળમય બન્યું હતું. પવન સાથે વરસાદી છાંટાં પડતાં તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો થયો હતો, જેના કારણે ગરમીમાં તડફડાતા લોકોને રાહત મળી હતી. જોકે, આ પરિસ્થિતિ ખેડૂતો માટે ચિંતાજનક સાબિત થઈ રહી છે. માર્કેટિંગ યાર્ડમાં ખુલ્લામાં રાખેલી ખેતી પેદાશો વરસાદના કારણે પલળી જતાં ખેડૂતોને ભારે આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. ભાટિયા માર્કેટિંગ યાર્ડમાં પોતાની જણસી વેચવા આવેલા ખેડૂતોની હાલત કફોડી બની હતી, કારણ કે વરસાદે તેમની મહેનત પર પાણી ફેરવી દીધું હતું. કચ્છ જિલ્લામાં પણ સવારથી જ વાદળછાયું વાતાવરણ જોવા મળ્યું હતું. ખાવડા, ભુજ, સુખપર, માનકુવા અને માધાપર જેવા વિસ્તારોમાં હળવા ઝરમર વરસાદી છાંટા પડ્યા હતા. ઉત્તર ગુજરાતના બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં પણ આગામી દિવસોમાં વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ, આગામી ૪૮ કલાક રાજ્ય માટે મહત્વપૂર્ણ રહેશે. સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારમાં ૩૦થી ૫૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા છે. જૂનાગઢ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ અને કચ્છમાં ગાજવીજ સાથે હળવા વરસાદની આગાહી કરવામાં આવી છે. અમદાવાદ શહેરમાં આકાશ મુખ્યત્વે વાદળછાયું રહેશે અને તાપમાન આશરે ૩૭ ડિગ્રી સેલ્સિયસ સુધી રહેવાની શક્યતા છે.

## અમદાવાદમાં સાયન્સ સિટી રોડ પર કારમાં મૃતદેહ મળી આવ્યો

અમદાવાદ, તા.૦૩

અમદાવાદના સોલા વિસ્તારમાંથી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. સાયન્સ સિટી રોડ પર પાર્ક કરેલી ટાટા હેરિયર કારમાંથી એક વ્યક્તિનો મૃતદેહ મળી આવતા વિસ્તારમાં હડકંપ મચી ગયો હતો. ઘટનાની જાણ થતાં જ સોલા પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી હતી.

માહિતી મુજબ, હેતાર્થ પાર્ટી પ્લોટ નજીક ખુલ્લા પ્લોટમાં કારમાં લાશ હોવાની માહિતી મળતા પોલીસ સ્થળ પર દોડી આવી હતી. તપાસ દરમિયાન અંદરથી આશરે ૪૫ વર્ષીય હર્ષદભાઈ પ્રજાપતિનો મૃતદેહ મળી આવ્યો હતો, જે શેલા ગામના રહેવાસી હોવાનું સામે આવ્યું છે. પ્રાથમિક તપાસમાં શરીર પર કોઈ ઈજાના નિશાન મળ્યા નથી, જેના આધારે હાર્ટ એટેક જેવી સ્વાભાવિક કારણસર મોત થયું હોવાની શક્યતા વ્યક્ત થઈ રહી છે. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપવામાં આવ્યો છે. પોલીસે ઘટના અંગે વધુ તપાસ શરૂ કરી છે.

## સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને કારણે રાજયમાં વસ્તી ગણતરી મુલતવી

અમદાવાદ, તા.૦૩

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને પગલે વસ્તી ગણતરીની પ્રક્રિયા હાલ માટે મુલતવી રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્યમાં ૫ એપ્રિલથી શરૂ થનારી વસ્તી ગણતરી હવે ચૂંટણી પૂર્ણ થયા બાદ નવી તારીખો જાહેર થતાં શરૂ થશે. આથી હાલ રાજ્યમાં વસ્તી ગણતરીના કાર્યક્રમ પર વિરામ મૂકાયો છે. ગુજરાતમાં લગભગ




૧૬ વર્ષ બાદ વસ્તી ગણતરીના પ્રથમ તબક્કાનો પ્રારંભ થવાનો હતો, જેમાં 'હાઉસ લિસ્ટિંગ' અને હાઉસિંગ સેન્સસ'નો સમાવેશ થાય છે. આ પ્રક્રિયા સપ્ટેમ્બર ૨૦૨૬ સુધી ચાલવાની હતી. દેશમાં પહેલીવાર સંપૂર્ણ ડિજિટલ વસ્તી ગણતરી થવાની છે, જેમાં મોબાઈલ એપ દ્વારા માહિતી એકત્રિત કરવામાં આવશે. નાગરિકોને સેલ્ફ-એન્યુમરેશનની સુવિધા પણ આપવામાં આવશે, જેમાં તેઓ પોતે ઓનલાઈન પોર્ટલ પર પોતાની માહિતી ભરી શકશે. દરેક રાજ્ય માટે ૧૫ દિવસનો સમય આપવામાં આવશે. સરકારે ચૂંટણીને ધ્યાનમાં રાખીને તારીખ આગળ ધપાવી છે, નવી તારીખો ટૂંક સમયમાં જાહેર થવાની શક્યતા છે.

## સુરતની જેલમાં સફાઈ કામદારનું શંકાસ્પદ મોત થતા ખળભળાટ

**૧૫ વર્ષથી ફરજ બજાવતા કર્મચારીના મોત પર સવાલો ઉઠ્યા**

સુરત, તા.૦૩

સુરતમાં એક સફાઈ કામદારનું જેલમાં શંકાસ્પદ મોત થતા શહેરમાં ચકચાર મચી ગઈ છે. સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનમાં છેલ્લા ૧૫ વર્ષથી ફરજ બજાવતા યુવકના મોત પાછળ વ્યાજખોરના ત્રાસનો આરોપ પરિવારજનોએ મૂક્યો છે. પરિવારના જણાવ્યા મુજબ, યુવક બહાર હતો ત્યાં સુધી સ્વસ્થ હતો, પરંતુ જેલમાં લઈ જવામાં આવ્યા બાદ અચાનક તેનું મોત થયું હતું. તેઓએ આક્ષેપ કર્યો છે કે વ્યાજખોરની પજવણીને કારણે જ યુવકને જેલમાં જવું પડ્યું અને ત્યાં તેની સાથે કંઈક શંકાસ્પદ બન્યું. આ ઘટનાને પગલે પરિવારજનોએ ન્યાયની માંગણી કરી છે અને સમગ્ર મામલે નિષ્પક્ષ તપાસ કરવાની અપીલ કરી છે. ઘટનાએ રાજ્યમાં વ્યાજખોરોના ત્રાસ સામે ચાલી રહેલી કાર્યવાહીની અસરકારકતા અંગે પણ પ્રશ્નો ઉભા કર્યા છે.

## વલસાડમાં મતદાર યાદીનો છબરડો સામે આવ્યો, ભાજપના દાવેદારોના નામ જ ગાયબ

વલસાડ, તા.૦૩

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પડઘમ વચ્ચે વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકામાં વહીવટી તંત્રની મોટી બેદરકારી સામે આવી છે. તાલુકા પંચાયતની દહેરી બેઠક માટે જાહેર થયેલી નવી મતદાર યાદીમાં એકસાથે આશરે ૧૪૦૦



મતદારોના નામ ગાયબ થતાં ભારે હોબાળો મચ્યો છે. માહિતી મુજબ, ભંડારવાડ, પતરાગઢ, રામવાડી, બગરિયા અને ભીંડીયા ફળિયાના મતદારોના નામ યાદીમાંથી ગુમ હતા. તપાસમાં બહાર આવ્યું કે ટેકનિકલ ક્ષતિના કારણે આ મતદારોના નામ દહાડ બેઠકની યાદીમાં ખસેડાઈ ગયા છે. ચૂંટણીમાં દાવેદારી કરવા ગયેલા ભાજપના ઉમેદવારો પોતાનું નામ ન મળતાં સ્તબ્ધ બની ગયા હતા. ઘટનાને લઈને સ્થાનિક આગેવાનો મામલતદાર કચેરીએ પહોંચી ઉગ્ર રજૂઆત કરી હતી. મામલતદારે ભૂલ સુધારવાની ખાતરી આપી છે, પરંતુ આ ઘટના કારણે સ્થાનિક રાજકારણમાં ગરમાવો વધ્યો છે અને તંત્રની કાર્યક્ષમતાને લઈને સવાલો ઉઠ્યા છે.

**ઉમરગામ તાલુકાની દહેરી બેઠકમાં ૧૪૦૦ મતદારોની અદલાબદલીથી તંત્રમાં દોડધામ**

## કલોલના નારદીપુરમાં ત્રણ ગાયોને ક્રુરતાપૂર્વક રહેંસી નાખતા અરેરાટી

**શોધખોળ દરમિયાન ગાયના અવશેષો મળી આવ્યા**

કલોલ,તા.૦૩

કલોલ તાલુકાના નારદીપુર ગામના લાલદાસ વાસમાં રહેતા અને પશુપાલનનો વ્યવસાય કરતા આયુષ લલ્લુભાઈ રબારીની એક કાળી ગાય ગત તારીખ ૨૭ માર્ચના રોજ વહેલી સવારે વાડામાંથી ગુમ થઈ હતી. આથી પશુપાલકે તપાસ કરતાં જાણવા મળ્યું હતું કે તેમની ગાયની સાથે પડોશમાં રહેતા જીતુભાઈ રબારી અને કાનજીભાઈ રબારીની પણ એક-એક ગાય મળીને કુલ ત્રણ ગાયો ગાયબ હતી. પશુપાલકોએ દિવસભર શોધખોળ કરવા છતાં પશુઓનો કોઈ પત્તો લાગ્યો ન હતો. દરમિયાન સાંજના સમયે નારદીપુરથી ડિંગુચા રોડ પર આવેલા ઓ.એન.જી.સી. વેલ પાસેના એક પડતર ખેતરમાં પશુઓના કપાયેલા અવશેષો મળી આવતા ગ્રામજનો સ્તબ્ધ થઈ ગયા હતા. આ ઘટનાના પગલે પશુપાલકો અને ગૌરક્ષકો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયા હતા. જ્યાં લોહીથી ખરડાયેલી જગ્યા પર ગાયના શિંગડા અને શરીરના અન્ય ભાગો વેરવિખેર હાલતમાં મળી આવ્યા હતા. પશુપાલકોએ સ્થળ પરથી મળી આવેલા કોટીયું અને દોરડા પરથી પોતાની ગાયોની ઓળખ કરી હતી. અંદાજે રૂપિયા એક લાખ પિસ્તાલીસ હજારની કિંમતની ત્રણેય ગાયોને ક્રૂરતાપૂર્વક રહેંસી નાખવામાં આવી હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ બહાર આવ્યું છે.

## લીંબડીમાં ચૂંટણી પહેલા આપને મોટો ઝાટકો: ૨૦થી વધુ આગેવાનોના રાજીનામા

સુરેન્દ્રનગર, તા.૦૩

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પહેલા સુરેન્દ્રનગરના લીંબડીમાં આમ આદમી પાર્ટીને મોટો ઝાટકો લાગ્યો છે. શહેર પ્રમુખ, ઉપપ્રમુખ, મહિલા પ્રમુખ અને સાત વોર્ડના પ્રભારીઓ સહિત ૨૦થી વધુ આગેવાનો એ એકસાથે રાજીનામા આપી દીધા છે. આ અચાનક રાજીનામાઓને કારણે પક્ષની સ્થાનિક સંગઠનાત્મક સ્થિતિ કથળી ગઈ છે. ચૂંટણી સમયે નવી ટીમ ઉભી કરવી પડકારજનક



બનતા પક્ષની નેતાગીરી ચિંતામાં મુકાઈ છે. આ ઘટનાને કારણે રાજકીય માહોલ ગરમાયો છે અને આવનારી ચૂંટણીમાં આપ માટે મુશ્કેલીઓ વધવાની શક્યતા વ્યક્ત થઈ રહી છે.

## કેજરીવાલના પત્રને ભાજપે 'પોલિટિકલ સ્ટંટ' ગણાવ્યો

**સાંસદ ધવલ પટેલે કેજરીવાલ પર કર્યા પ્રહારો**

અમદાવાદ, તા.૦૩

આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને લખેલા પત્ર બાદ ગુજરાતમાં રાજકીય ગરમાવો વધ્યો છે. કેજરીવાલે ભાજપ સરકાર પર કાર્યકરોને ખોટા કેસોમાં ફસાવવાના આરોપ લગાવ્યા હતા.


આ મુદ્દે ભાજપ સાંસદ ધવલ પટેલે પ્રતિક્રિયા આપતા પત્રને 'પોલિટિકલ સ્ટંટ' ગણાવ્યો હતો. તેમણે જણાવ્યું કે ચૂંટણી નજીક આવતાં આપના નેતાઓ રાજકીય ડ્રામા કરી રહ્યા છે.

ધવલ પટેલે આપના નેતાઓ પર ગંભીર આરોપો મૂકતાં કહ્યું કે આવા પ્રયાસો દ્વારા રાજ્યમાં અરાજકતા ફેલાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે. ચૂંટણી પહેલા આ મુદ્દે રાજકીય વાતાવરણ વધુ ગરમાયું છે.

## અમદાવાદમાં મહિલાને મકાન બાબતે વિશ્વાસ અપાવી રૂા.૪૦ લાખની છેતરપીંડી

અમદાવાદ, તા.૦૩

અમદાવાદના મણિનગર વિસ્તારમાં રહેતી એક મહિલાને લંડનમાં ભણતા હોવાનો ભરોસો આપીને સાયબર ગઠિયાએ ૪૦.૪૮ લાખ રૂપિયાની છેતરપિંડી કરી છે. આરોપીએ સોશિયલ મીડિયા મારફતે પોતાને અભિનવ પરાતે તરીકે ઓળખાવી મહિલાનો વિશ્વાસ જીત્યો હતો.ગઠિયાએ ભારત ખાતે મકાન ખરીદવાનું જણાવી રૂ.બે કરોડમાં સોદો કરવાની વાત કરી હતી. બાદમાં કરન્સી એક્સચેન્જ અને ટેક્સના બહાને મહિલાને



અલગ અલગ એકાઉન્ટમાં રૂપિયા ટ્રાન્સફર કરાવ્યા હતા. છેતરપિંડીની શંકા જતા મહિલાએ સાયબર ક્રાઈમ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે કેસ દાખલ કરી વધુ તપાસ શરૂ કરી છે.




## જામનગરમાં એસીબીનો ટ્રેપ: મદદનીશ ઈજનેર ૪.૫૨ લાખની લાંચ લેતા ઝડપાયા

જામનગર, તા.૦૩

જામનગરમાં એન્ટી કરપ્શન બ્યુરોએ સફળ ટ્રેપ ગોઠવી સીપીડબ્લ્યુડીના મદદનીશ ઈજનેર વિજયકુમાર બાબુલાલ મીનાને ૪.૫૨ લાખની લાંચ લેતા રંગેહાથ ઝડપી પાડ્યા છે. ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી કેમ્પસ સ્થિત કચેરીમાં આ કાર્યવાહી કરવામાં આવી હતી. માહિતી મુજબ, ઈલેક્ટ્રિક



કામના બિલ પાસ કરવા બદલ આરોપીએ ફરિયાદીના મિત્ર પાસેથી લાંચની માંગણી કરી હતી.

ફરિયાદીએ એસીબીનો સંપર્ક કરતાં ટ્રેપ ગોઠવાયો હતો. આરોપી લાંચ સ્વીકારતા જ એસીબીએ તેને ઝડપી પાડી રકમ જપ્ત કરી હતી. હાલ આરોપી સામે કાયદેસરની કાર્યવાહી અને વધુ તપાસ ચાલુ છે.

**સીપીડબ્લ્યુડી અધિકારી સામે કાર્યવાહી, કોન્ટ્રાક્ટ બિલ મંજૂરી બદલ રકમ માંગી હતી**

